"દિગંબર જૈન" પત્રના અંકનો વધારો.

दिगंबर जैन ग्रंथमाला न० ५५.

॥ श्री वीतरागाय नमः ॥

# आपणे आपणी स्थितमां—
# शुं संतोष राखवो जोईए ?

सशोधक अने प्रकाशक,
मुलचंद कसनदास कापडीआ,
ऑ. संपादक "दिगंबर जैन"—सुरत.

प्रथमावृत्ति. वीर स. २४४० प्रत २०००

अंकलेश्वर निवासी शेठ लालचंद रामचंद संघवी तरफथी मांदगीमांथी सारा थवानी खुशालीमा "दिगंबर जैन" पत्रना ग्राहकोने ७मा वर्षमां (२जी) भेट.

मुल्य रु. ०-२-०

# પ્રસ્તાવના.

સુરતમાં 'સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય' નામે સંસ્થા છે, જેની તરફથી "વિવિધ ગ્રંથમાળા" નામે એક માસિક ગ્રંથમાળા ૪ વર્ષ થયાં પ્રકટ થાય છે, તેના પ્રથમ વર્ષ (સં. ૧૯૬૭) માં ૯ મા મણકા તરીકે "નવા યુગની વાતો" (ભાગ ૧ લો) નામે એક પુસ્તક કે જેના સંપાદનકર્તા હાલ મુંબાઈનિવાસી એક જાણીતા લેખક અને ગ્રંથકર્તા મિ. અમૃતલાલ સુંદરજી પઢિયાર છે, તેમના તરફથી લખાઈને પ્રકટ થયું હતું, જેમાંના વિષયોમાં એક વિષય "થોડીક જાણવા જેવી ટપાટપી" અથવા "આપણે આપણી સ્થિતિમાં શું સંતોષ રાખવો જોઈએ" એ હતો. આ વિષય અમોને ઘણોજ પસંદ પડવાથી તેમાંથી જૈનધર્મને બાધ આવે એવી કેટલીક દલીલોમાં સુધારો વધારો કરીને અમોએ આ પુસ્તક તૈયાર કર્યું છે અને અંકલેશ્વરનિવાસી એક દશા વીસામેવાડા ગૃહસ્થ શેઠ લાલચંદ રામચંદ સંઘવી કે જેઓ સં. ૧૯૬૭ ના વર્ષમાં સખત બિમાર થયા હતા તે વખતે તેમણે પોતાના સ્મરણાર્થ શાસ્ત્રદાન કરવા માટે રૂ. ૫૦) કાઢી અમને તે તરત મનીઓર્ડરથી મોકલ્યા હતા, પણ કાળની ગતિ વિચિત્ર છે 'મનુષ્ય ધારે છે શું અને કર્મ કરે છે શું' તે મુજબ શેઠ લાલચંદભાઈ કર્મની નિર્જરા થવાથી જીવલેણ માંદગીમાંથી તદ્દન સારા થયા અને અંકલેશ્વરમાં હયાત છે તેમના તરફથી "દિગંબર જૈન" પત્રના ગ્રાહકોને એક ભેટ તરીકે આપવા પ્રકટ કરવામાં આવે છે, જે ગુજરાતના જૈન વાચકોને એક ઉત્તમ અને બોધદાયક સામગ્રી પૂરી પાડશે એમ અમોને આશા છે.

વીર સં. ૨૪૪૦
ચૈત્ર સુદ ૪
તા. ૩૦-૩-૧૪.

જાતિસેવક,
મુળચંદ કસનદાસ કાપડીઆ-સુરત.

॥ श्री वीतरागाय नमः ॥

# आपणे आपणी स्थितिमां संतोष राखवो जोइए ?

આજે રવિવાર હોવાથી સાજને વખતે હુ મ્હારે ઘેરથી નીકળી ચાયખલા ઉપરથી ટ્રામમા બેસી પાલવા બંદર ઉપર જતો હતો, ત્યા રસ્તામા જે. જે. હોસ્પીટાલ પાસેથી મ્હારા મિત્ર **રમણિકલાલ** ટ્રામમા મળી ગયા, તેણે મને કહ્યુ કે, આપણા પ્રોફેસર **ત્રિવેદીએ** તો કાલે બહુ ખુબી કરી તમે એ વાત સાભળી કે ?

ત્યારે મ્હે કહ્યું કે, નહિ, હુ તો આજ સવારેજ પુનેથી આવ્યો ત્યા એક મિત્રને **ખેતીવાડીની કૉલેજમાં** દાખલ કરવા માટે હુ લઈ ગયો હતો, કારણકે તે એ બાબતમાં પુનાથી તદ્દન અજાણ્યો હતો, તેથી હું તેની સાથે ગયો હતો. ત્યાથી આજેજ આવ્યો, એટલે અહીની આપણા પ્રોફેસરની કાંઇ હકીકત હું જાણતો નથી

એ સાંભળીને **રમણિકલાલે** કહ્યુ કે, અયોધ્યાથી એક **રામ-શરણ** નામે **પંડિત** આવેલા છે. તેઓને કાશીના પંડિતોએ **વાચ-સ્પતિનો** ખેતાબ આપેલો છે, અને બોલવામા તે બહુજ હોશિયાર માણસ છે, તેથી હજારો લોકો તેનાં વ્યાખ્યાન સાંભળવા આવે છે,

અને આજે પાંચ દિવસ થયાં આખા **મુંબઈમાં દરેક ઠેકાણે તેના વ્યાખ્યાનનીજ** ચર્ચા ચાલી રહી છે તેની કીર્તિ સાભળીને આપણા પ્રોફેસર સાહેબને પણ ત્યા આવવાનુ મન થઇ ગયુ. જો કે એ કયાઇ જતા નથી અને છેલ્લાં પાચ વરસ થયાં તેણે કયાંઇ ભા પણ આપ્યુ નથી, છતા પણ મનમોહનદાસ શેઠ બહુ આગ્રહ કરીને તેને પોતાની ગાડીમા તેડી લાવ્યા તે વખતે "**આપણે આપણી સ્થિતિમાં સતોષ રાખવો જોઈએ**" એ બાબતનું પડિતજીનું વ્યાખ્યાન ચાલતું હતુ, અને તે વ્યાખ્યાન ઘણુંજ અસરકારક હતું તેથી સૌ લોકો બહુ ખુશી થઈ ગયા હતા, કારણ કે **સતોષ** જેવી બાબત, **વાચસ્પતિના** ખેતાબવાળો પડિત એ વિષયને સમજાવનારો અને પ્રાચીન શાસ્ત્રોમાથી દાખલા દલીલો સહિત ઉપરાઉપર ઉદાહરણો આપ્યેજ જતા હતા, અને **સસ્કૃત સાહિત્યમાં સતોષ રાખવાને માટે એટલુ બધું લખાણ** છે કે એ બાબતમાં કોઇ પણ સારો પડિત ઘણી વાતો કહી શકે અને લોકોને રાજી કરી શકે, એમા કાઇ નવાઇ નથી, ત્યારે આતો બહુ સમર્થ પડિત હતો, એટલે તે પોતાના ભાષણથી લોકોને ખુશી ખુશી કરી નાખે, તેમાં કાઇ અજબ જેવુ નથી પણ આ બધુ સાંભળીને અને પડિતજીના અતિશય વખાણ થતા જોઇને તથા તેઓને વારવાર લોકો તાળીઓથી વધાવી લેતા જોઇને આપણા પ્રોફેસર સાહેબને પડિતજીની અદેખાઇ લાગી, કારણકે પોતાની રૂબરૂ કોઇની પણ કીર્તિ થાય, તે તેઓ સાખી શકતા નથી, એતો જાણીતી વાત છે, તેથી પોતાના સિદ્ધાત તરિકે નહિ, પણ સામા માણસને તોડી પાડવાને ખાતર, સ્પર્ધાથી બોલવા માટે તે ઉભા થયા. અને ત્રિવેદી જેવો માણસ એમ કરે તે સભળી

બીજાઓને નવાઇ લાગે, પણ આપણને એમાં કાંઇ નવાઇ જેવું નથી, કારણકે આપણે તો તેનો એ સ્વભાવ જાણીએજ છીએ, પણ એવી રીતે સ્પર્ધાને ખાતર પણ કોઇ વખત તે બહુ સારૂં બોલી શકે છે, અને એમાંથી પણ કોઇ વખત ઘણી મ્હોટી અસર થઇ જાય છે. તેમજ કાલે પણ તેના બોલવાથી એ જંગી સભામાં બહુ ભારે અસર થઈ ગઇ હતી, કારણકે ભલે તેનામાં આ એક જાતની મ્હોટી ખોડ છે, છતાં પણ તે કાંઇ વિદ્વત્તામાં ઓછા નથી, તેથી તેણે બહુ જાણવા જેવી વાતો કહી હતી, પણ જો એના મનમાં એ પંડિતની અદેખાઇ ઉત્પન્ન થઇ ન હોત, તો તે એક અક્ષર પણ બોલત નહિં. માટે મને તો એમ લાગે છે કે તેનામાં અદેખાઇ છે, એ પણ સારૂં છે, કારણકે એથી પણ કેટલુંક કામ થઇ જાય છે, નહિ તો એ સિવાય બીજી કોઈ રીતે એ ગણપતી બાવા જાગે તેમ નથી જુઓને આટલી બધી વિદ્વત્તા છતાં છેલ્લા પાંચ વરસમાં તેઓએ કાંઇપણ કામ કર્યું નથી, પણ પંડિતજીને અતિશય માન મળતું જોઇને તેઓની લાગણી ઉશ્કેરાઇ, તેથી કાલે તેઓએ ઘણું સારૂં કામ કરી બતાવ્યું છે.

આટલી વાત થઇ એટલામાં **પાલવા બંદર** આવ્યું, જેથી અમે ઉતરી પડ્યા અને પાલવા ઉપરથી હોડીમાં બેસી અમે બન્ને મિત્રો સમુદ્રમાં સ્હેલ કરવા નીકળ્યા. ત્યાં હોડીમાં રમણિકલાલે પોતાના ખીસામાંથી **'સાંજવર્તમાન'** કાઢ્યું, અને કહ્યું કે, આમાં આપણા પ્રોફેસરનું ભાષણ પૂરેપૂરૂં આવેલું છે પછી અમે તે વાંચવા લાગ્યા.

## સંતોષની વ્યાખ્યા.

પંડિતજી બોલી રહ્યા અને લોકોએ તેમને તાળીઓથી વધાવી લીધા તે પછી તુરતજ આપણા પ્રોફેસર સાહેબ ઉભા થયા, અને તેમણે

કહ્યું કે, બન્ધુઓ! **સંતોષ** ક્યાં રાખવો જોઇએ એ તમને ખબર છે? **કુદરત** પાસે જ્યાં આપણુ કાંઇ પણુ ચાલે નહિ, ત્યાં સંતોષ રાખવો જોઇએ. **વૈભવો** ભોગવવામાં અને વૈભવો અતિશય વધારી દેવાની બાબતમાં સંતોષ રાખવો જોઇએ, **મોજમજાની** બાબતમાં તથા ખાવાપીવાની બાબતમાં હદ ઉપરાંત ન થાય, એ માટે તેમાં સંતોષ રાખવો જોઇએ. જે **દુઃખો** આપણાથી મટી શકે તેવાં ન હોય, જે **રોગોના ઉપાયો** હજી સુધી વૈદક શાસ્ત્રને મળેલા ન હોય અને જે મૃત્યુને આપણે આપણા જોરથી પાછું વાળી શકતા ન હોઇએ, તેવી બાબતમાં **મનને** મુંઝાવા દેવું પડે નહિ, તે સારૂ સંતોષની જરૂર છે **સ્વાર્થ ત્યાગ** કરતાં શીખીએ તે સારૂ સંતોષની જરૂર છે, અને ક્રોધમાં, કામમાં, લોભમાં, લડાઇ ટંટામાં અને યોગ્ય કાયદાઓની હદમાં રહેવામા સંતોષ રાખવાની જરૂર છે, પણ **આપણી પોતાની સ્થિતિ સુધારવાની બાબતમાં સંતોષ રખાયજ નહિ. તેમાં તો હમેશાં આગળ અને આગળજ વધવુ** જોઇએ, અને હમેશા આગળ અને આગળ વધવા સારૂ એક જાતનો નરમ પ્રકારનો અને તેમ છતા ઉગ્રતાવાળો અસંતોષ આપણા અંતરમા રાખવોજ જોઇએ.

અરે ભાઇઓ અને બ્હેનો! આ શું સંતોષ રાખવાનો વખત છે? જો સંતોષ રાખવો હોય, તો આપણે અગાઉના જમાનામાં પાછા જવું જોઇએ કે જે વખતે ઉજ્જડ જંગલો હતા, જ્યારે વસ્તી થોડી હતી, જ્યારે મોજશોખના સાધનો નહોતા, જ્યારે રાજ્યોના અટપટા કાયદાઓ નહોતા, જ્યારે લોકોની લાલસાઓ બહેકી ગયેલી નહોતી, જ્યારે ખોરાકની ચીજો માટે કોઇ પણ માણસને કોઇ પણ જાતની મુશ્કેલી પડતી નહોતી, જ્યારે અતિશય ધર્મભાવના

હતી, જ્યારે અતિશય નિખાલસતા હતી, જ્યારે લોકો અતિશય તિતિક્ષા સહન કરી શકતા હતા, જ્યારે આખા દેશમાં એકજ ધર્મ અને એકજ ભાષા હતાં, જ્યારે તેઓનાં પોતાનાંજ રાજ્યો હતાં, જ્યારે તેઓ સાદામા સાદી જીંદગી ગાળવામાંજ આનદનો આનંદ સમજતા હતા અને જ્યારે કોઇપણ જાતની ઉપાધિમાં પડવું એને તેઓ પાપ સમજતા હતા, ત્યારે તેઓ સંતોષ રાખી શકતા હતા, પણ આજે એમાં-નું શું છે? યાદ રાખજો કે આજે એમાનું કાંઇ પણ નથી, માટે હાલમાં આપણાથી જરા પણ સંતોષ રાખી શકાય તેમ નથી. જો આપણે આપણા શાસ્ત્રમા કહેલો સતોષ રાખવો હોય, તો આપણે દુનિયાને દસવીશ હજાર વરસ પાછળ હઠાવવી જોઇએ, અને હું તમને તથા પંડિતજીને પૂછું છું કે એવુ બળ આપણામાં છે? આપણે એટલાં વરસ દુનિયાંને પાછળ હઠાવી શકશુ? કહો કે નહિ. અને તેમ છતાં હજારો વરસ ઉપર વિરક્ત માણસોને હાથે લખાયેલા મજેના લાગતા શ્લોકો સામે જોયા કરોછો, તેને ગોખ્યા કરોછો અને પઢેલાં પોપટની પેઠે ને પાછા કહી બતાવોછો, એમાંજ આપણા પડિતોની પડિતાઇ આવી રહી છે કે બીજુ કાંઈ છે? બન્ધુઓ! દશ હજાર વરસપર લખાયેલા શ્લોકો સામે જોયા કરીએ, તે કાંઈ ચાલે નહિ. હાલમાતો આપણે આપણી પોતાની હાલની સ્થિતિ સામે જોવુ જોઇએ અને હાલનો જમાનો કેવો છે તે સામે જોવુ જોઇએ.

અરે! જરા વિચાર તો કરો કે આપણે શેનો સંતોષ રાખી-એ? આપણા ઘર જુઓ, તેનાં બારી બારણાં જુઓ, તે કેવાં સાંકડાં ને કેટલાં ઓછાં છે તે જુઓ, તેમા કેટલો ધૂમાડો ભરાય છે, તેમાં કેટલી શરદી રહે છે. તેમાં કેટલાં ચાંચડ, મચ્છર રહે છે તે જુઓ, તેની બાંધણી

જુઓ, તેનું સૌન્દર્ય જુઓ અને તેની ઈંજનેરી નિયમ પ્રમાણે રચના, આર્ટની નજરે કારીગીરી તથા તદુરસ્તીના નિયમ પ્રમાણે તેની વ્યવસ્થા જુઓ, અને પછી મને કહો કે શું **એ સંતોષ રાખવા લાયક છે?**

આપણા ઘરના દીવા જુઓ, આપણા કોડીયાંના અને ઘાસલેટના ડબ્બાઓના હાલ જુઓ, તેમાંથી કેટલો ધૂમાડો નીકળે છે તે જુઓ, તે કેટલી ઓછી લાઈટ આપે છે તે જુઓ, કદી કોઇને ત્યાં સારી ચીમનીઓ હોય તો એ ચીમનીઓ અને લેમ્પો છેક કેટલે દૂરથી હજારો ગાઉથી મંગાવવા પડે છે તે જુઓ, **એ શું સંતોષ રાખવા લાયક છે?**

આપણા **ખડીઆમાં** શાહી ભરેલી હોય તે જુઓ, કં તો જાડી હોય, કાતો પાતળી હોય, કાતો ધૂળવાળી હોય, કાતો ફૂટી નીકળે તેવી હોય અને કાં તો આંખને ન ગમે તેવા રંગની હોય. આપણી **કલમ** જુઓ, વારે વારે બુઠ્ઠી થઇ જાય, વારે વારે સરખી કરવી પડે અને તેમ છતાં પાધરી ચાલે નહિ એ જુઓ, આપણા શાહી ભરવાના ખડીઆ જુઓ, તેની ઉપર કેટલા ડાઘ હોયછે અને તે કેવા હડબોકડ જેવા હોય છે એ જુઓ. **શું આ બધું સંતોષ રાખવા-લાયક છે?**

આપણા ઘરનાં **વાસણો** જુઓ, તે કેવાં રેઢીયાળ છે? કેટલા મેલાં છે? કેવાં બેડોળ છે? કેવા વજનદાર છે? કેવા ઓછા ઉપયોગમાં આવનારાં છે? એ જુઓ. શું એમાં સુધારો થઇ શકે તેમ નથી? આપણા **પાણીના ગોળા** જુઓ. એ ગોળા કેવા ગંદા હોય છે તે જુઓ. પાણી ગાળવાના આપણા **લૂગડાના ગળણાં**-કકડા કેવા ગંદીલા, વાસ મારતાં મેલાં અને ચીકણા હોય છે એ જુઓ. આ-

પણ ઘરમાં **કાતર** કે **ચપ્પુ** હોય તો કેવાં બૂઠ્ઠાં, ધાર બેસેલાં, વખતે હાથો ભાગેલા, કાળાં મેસ જેવાં અને નકટાનું નાક કાપે નહિ એવાં હોય છે, એ જુઓ. **શું આ સ્થિતિ સંતોષ રાખવાલાયક છે ?**

આપણી **દવાઓ** જુઓ. કેવી કડવી, તેની બનાવટો કેવી અટપટી, કેટલી બધી વસ્તુઓ ભેળી કરવી જોઇએ, કેટલી બધી વાર ઉકાળવી જોઇએ, કેટલી બધી વાર કૂટવી જોઇએ અને મોઢાં બગાડતે બગાડત ખાવી જોઇએ અને તેમ છતાં પરિણામ તો આંધળાના ગોળી બાર જેવુ ! લાગ્યુ તો તીર નહિ તો થોથું તો છેજ, એવુ ! **શું આમાં સુધારો થઈ શકે તેમ નથી ?**

આપણી **મીઠાઈ** જુઓ તેની ઉપર દુકાનોમાં કેટલી માખીઓ બણબણે છે એ જુઓ મીઠાઇ બનાવવાવાળા કેવા ગંદીલા હોય છે એ જુઓ તના શરીરમાથી પરસેવાનાં કેટલાં બધાં ટીપા મીઠાઈમાં પડે છે તે જુઓ. બાપદાદાથી ચાલી આવતી એની એ મીઠાઇઓ બન્યા કરે છે, પણ તેમા કોઇ નવી નવી જાતના સુધરા વધારા કરતુ નથી, તે જુઓ વૈદકના નિયમ પ્રમાણે, સાયન્સના નિયમ પ્રમાણે, પાકશાસ્ત્રના નિયમ પ્રમાણે, અને ફાઇન આર્ટના નિયમ પ્રમાણે તેમાં કાંઇ પણ કામ થતું નથી, એ જુઓ **શું આ બધું સતોષ રાખવા લાયક છે ?**

આપણા પગમા પહેરવાના **જાડા જોડા** જુઓ. એનુ ચામડુ કેવું સખ્ત છે તે જુઓ, એના ટાકા કેટલા મ્હોટા છે તે જુઓ એ ટાંકા કેવી બેદરકારીથી મારવામાં આવ્યા છે તે જુઓ પ્રથમ નવા જોડા પહેરતાં પગમાં કેટલા છાલા પડે છે તે જુઓ. શું આ બાબતમા કાઇ પણ થઈ

શકે એમ નથી? શું નરમ ચામડાના જોડા પહેરવાનું પણ આપણા નશીબમાં નથી? શું આપણે આપણા પગને જોડાના ડંખથી પણ ન બચાવી શકીએ? અને તેમ છતા આપણે કહીએ કે આપણી સ્થિતિમા આપણે સતોષ રાખવો જોઇએ, વાહરે વાહ એવા સતોષને! એવો સતોષ આપણા પંડિતોનેજ મુબારક! **મ્હારે તો એવા સતોષ સાથે રામ રામ છે.**

હવે આપણી **ખીચડી**, આપણી **કઢી** અને આપણા **રોટલા જુઓ.** હજારો વરસ થયા જે ખોરાક ચાલ્યો આવે છે તે ને તે ખોરાક અને તેજ બનાવટ! તેમા કાંઇ પણ ફેરફાર નહી! એ શું શરમ ભરેલું નથી? આપણે વિચારોમા બદલાયા છીએ, રીતરિવાજોમા બદલાયા છીએ, ધર્મમાં પણ થોડાક બદલાયા છીએ, પોશાકમાં પણ ફેર પડેલો છે, રીતરિવાજના કાયદાઓ પણ બદલાયા છે, રાજ્યો પણ બદલાયલા છે અને આપણા શરીરના બંધારણોમા પણ ફેરફાર થએલો છે, આવી રીતે દરેક ચીજોમાં ફેરફાર થાય, અને તેમ છતા આપણા રોટલા, ખીચડી અને કઢીમાં કાંઇ પણ ફેરફાર થાયજ નહી, એ શું નવાઇ જેવુ નથી? અને એ શું એક જાતનુ આપણું પછાતપણું નથી? મને તો લાગે છે કે બેશક, એમાં ઘણોજ સુધારો થઇ શકે તેમ છે અને તેમ છતાં લોકોને આપણે એમ શીખવીએ કે **તમારી સ્થિતિમાં તમે સતોષ રાખો, એ શું વાજબી છે?**

આપણા **જંગલી હળ** જુઓ, તે માત્ર ત્રણ ચાર ઇંચ જમીનમાં ઉંડા જઇ શકે છે, તેથી ઉપર ઉપરથી જમીન ખેડાય છે, એટલે અનાજના બીજોના મૂળ ઉંડા જઇ શકતાં નથી, તેથી પાક ઓછો થાય છે. આજે **યુરોપ અમેરીકામાં સુધરેલી ફેશનનાં** જે **હળ** વપરાય

છે તેની કોશ જમીનમાં આઠ દશ ઇંચ ઉંડી જાય છે, તેથી વધારે પાક ઉત્પન્ન થાય છે. આવી રીતે હળ સિવાય બીજાં પણ **ખેતીનાં ઓજારો** જુઓ, અને તે કેવા કઢંગા, કેવા જાડા, કેટલુ બધું ઓછું કામ કરનારા અને કેટલા બધા સેંકડા થયાં ફેરફાર થયા વિનાનાં છે એ જુઓ. શુ તેમાં સુધારા વધારાની જગ્યા નથી? કબૂલ કરો કે એમા સુધારા વધારાની ઘણીજ જરૂર છે. અને તેમ છતાં સતોષ રાખવાની વાતો કરવી એ શુ એક જાતનો ગુન્હો નથી કે લોકને અવળે માર્ગે દોરવાજેવુ નથી? પડિતજી મને માફ કરે કે ન કરે, પણ મ્હારે તો મ્હારા ઘરની ખરી સ્થિતિ બતાવવી જોઇએ, અને જણાવવુ જોઇએ કે, **અમારી સ્થિતિ સુધારવાની બાબતમાં અમે સંતોષ રાખી શકીએ તેમ નથી.**

આપણા **ઝાડોનાં** કદ જુઓ. શુ તે હજી વધારે મ્હોટાં થઇ શકે તેમ નથી? તે ઝાડોના આકાર જુઓ શુ એ આકારો વધુ સુદર થઇ શકે તેમ નથી? અને ઝાડોનાં **ફળ** જુઓ શું એ ફળોની મ્હોટાઇમાં, સ્વાદમાં, રૂપમા, રગમા અને સુગંધમા આપણે વધારો કરી શકીએ તેમ નથી? બેશક, એ બાબતમાં આપણે ઘણુએ કરી શકીએ તેમ છીએ.

આપણી **દ્રાક્ષના** જુમખા જુઓ અને ફ્રાન્સની દ્રાક્ષના જુમખા જુઓ આપણી **કોબી** જુઓ અને અમેરિકાની કોબી જુઓ, આપણી **શેરડી** જુઓ અને મોરીસની શેરડી જુઓ. આપણા ગામઠી **આંબા** જુઓ અને હાફુસના આબા જુઓ. આપણા દેશની **નારંગીના** ઝાડમા કેટલા ફળો લાગે છે તે જુઓ અને **અમેરિકાના** સુધરેલી ફેશનના ખેતીવાડી ખાતામાં નારગીના ઝાડને ત્યા કેટલાં

४८-१४



ફળો લાગે છે તે જુઓ. આપણા દેશનો **ગુલાબ** જુઓ, તેના ફુલનું કદ જુઓ, તેની સુગંધી જુઓ અને **ઈરાનમાં** તથા **તુર્કસ્તાનમાં** ગુલાબના ઝાડો ઉપર કેટલા બધા અને કેવા સુંદર ફુલો થાય છે તે જુઓ આવી રીતે ફળો તથા ફુલોની બાબતમા અને **ઈમારતી લાકડાંની** બાબતમાં તપાસ કરો, અને પછી મને કહો કે શું **આપણા ઝાડોની સ્થિતિ સંતોષ રાખવાલાયક છે?** કહો કે નહિજ.

આપણા દેશના કુમળાઈ ગયેલા, ચિમળાઇ ગયેલા, સંકોડાઇ ગયેલા અને રાના ચોળ થઇ ગયેલા બહુ થુલીવાળા અને ઓછા રસ કસ વાળા **ઘઉં** જુઓ, અને **અમેરિકાના** વજનદાર, સફેદ, મોટા, ઓછી થુલીવાળા અને મુઠી ફાટે તેવા ઘઉં જુઓ એ ઘઉંની સાથે જ્યારે આપણે આપણા દેશના ઘઉંની સરખામણી કરીએ અને પછી એમ સમજીએ કે આપણી બેદરકારીથીજ આપણા દેશના ઘઉં આવી હલકી સ્થિતિએ રહેલા છે ત્યારે શું આપણને એક જાતની દિલગીરી ન થાય? એટલુ જ નહિ પણ બન્ધુઓ! યાદ રાખજો કે જે દેશની ખોરાકની વસ્તુઓ રસકસ વિનાની હોય છે, જે દેશની પહેરવાની વસ્તુઓ કામ ચલાઉ હોય છે, જે દેશના ઓજારો જૂના ખખ, બૂઠાં, જાડા, બેડોળ અને બહુ ઉપયોગી થઇ શકે નહિ તેવા હોય છે, જે દેશની પૃથ્વી ઉંડી ખેડાયા વિનાની હોય છે, જે દેશનાં ઝાડો માત્ર કુદરતના હવા પાણીના આધારેજ હોય છે પણ તેમા માનુષી કળા હોતી નથી અને જે દેશની ઘરસસારી દરેક વસ્તુઓ મેલી, ઢીલી કામચલાઉ, જૂની, જાડી, રફ અને સૌન્દર્યવિનાની હોય છે તે દેશનાં માણસો પણ બેદરકાર, લાગણીવનાના, ઉંચાજ્ઞાનવિનાનાં, પોતાનું પોઝીશન નહિ સમજનારા, દરિદ્રી અને પરાધીન તથા દુખી હોય છે,

४८६४



કારણ કે જ્યાં સુધી માણસો વસ્તુઓની કિંમત સમજી શકતાં નથી ત્યાંસુધી તે પોતાની કિંમત પણ સમજી શકતા નથી એટલુંજ નહિ પણ જેવી વસ્તુના સહવાસમાં માણસો રહે તેવા તેનામાં ગુણો આવે છે, માટે આપણે રસકસવિનાની વસ્તુઓ ખાઇએ, સગવડ વિનાની વસ્તુઓ વાપરીએ, દરેક બાબતમા **"હોતી હે, ચલતી હે,"** એવું ખાતું રાખીએ અને તેમ છતા એવી સ્થિતિમા સતોષ માન્યા કરીએ એ શુ આગળ વધવાના ઉપાય છે? પડિતજી! મહેરબાની કરીને પોતાની સ્થિતિ સુધારવાની બાબતમાં સતોષ રાખવાનો ઉપદેશ કદી પણ કરશો માં એ ઉપદેશ અગાઉના વખતમાં ચાલે, પણ પ્રતાપી નામદાર અગ્રેજ સરકારના વખતમાં એ ઉપદેશ ચાલેજ નહિ. હાલમા તો અમોને દરેક કામમા સતોષને બદલે પ્રવૃત્તિ, પ્રવૃત્તિ અને પ્રવૃત્તિજ જોઇએ છે અને દરેક દિશામા તથા દરેક લાઇનમા જરા જરા આગળ વધવુ એજ ઉપદેશ હાલમા અમોને જોઇએ છે

બન્ધુઓ! હવે આપણા **રૂના તારની લબાઈ** જુઓ અને અમેરિકન તથા **ઈજીપ્શિયન** રૂના તારની લબાઈ જુઓ, અને આપણે ત્યાના રૂના તારની લબાઇ ઓછી અને ત્યાના રૂના તારની લંબાઈ મ્હોટી એનુ કારણ શુ? એનુ કારણ **આપણી બેદરકારી** એજ છે, એનું કારણ આપણુ અજ્ઞાનપણુ એજ છે એનુ કારણ આપણી ઓછી મહેનત એજ છે, એનુ કારણ આપણે ખોટા સતોષમાં પડયા રહીએ છીએ એજ છે અને એનું કારણ રોજ દુનિયા કેટલી બધી આગળ વધી જાય છે તે આપણે જોતા નથી એજ છે; પણ બન્ધુઓ! યાદ રાખજો કે આપણા રૂના તારની લબાઇ ઓછી છે અને તેની કિંમત એછી છે તે કાઇ માત્ર આપણા રૂની કિમ-

તજ ઓછી નથી, પણ યાદ રાખજો કે એ આપણી પોતાનીજ કિમત ઓછી છે અને એ આપણી લાયકીનીજ લબાઇ ઓછી છે. એ આપણી કીર્તિનાજ લબાઇ ઓછી છે એ આપણી ઉત્સાસાનીજ લબાઇ ઓછી છે એ આપણી હિમ્મતનીજ લબાઇ ઓછી છે. એ આપણા જ્ઞાનનીજ લબાઇ એછી છે, અને આપણા રૂના તારની લબાઇ ઓછી છે તે આપણી ઉન્નતિનીજ લંબાઈ એછી છે, એમ જાણજો અને તેમ છતા આપણી સ્થિતિમા સતોષ રાખવાની વાતો કરવી !! **એવા સતોષથી પ્રભુ અમોને બચાવે.**

બન્ધુઓ! આપણા લોકોના મોઢામા **પાનના ડૂચા** જુઓ, સોપારી ભરેલા **ગલોફા** જુઓ, તમાકુથી ખરાબ થયેલા **દાંત** જુઓ, પાનની પીચકારીઓથી ઘરમા ઠેકાણે ઠેકાણે પડેલાં **ડાઘા** જુઓ એવી ફોકટની નકામી વસ્તુઓ પાછળ કેટલો બધો વખત જાય છે, કેટલા બધા પૈસા જાય છે અને એવુ એવું જોઈને કેટલા બધા છોકરાઓના મનમા એ જાતના ખરાબ સસ્કારો બેસે છે તે જુઓ! શુ આ બધુ હાલના જમાનામા ચલાવી લેવા જેવુ છે? શું **એમાં સુધારા વધારાની જગ્યા નથી?**

આપણા **બેડોળ પાટલા** જુઓ એની ઉપર કેટલો મેલ હોય છે તે જુઓ સરખીરીતે બેસવાની પણ તેમા સગવડ હોતી નથી તે જુઓ તે વજનમાં કેટલા બધા ભારી હોય છે. અને કેટલી બધી જગ્યા રોકે છે તે જુઓ. તેના હીડોળાખાટોમા કેટલા **માંકડો** હોય છે તે જુઓ તેના આંકડાઓ કેવા મેલા હોય છે, તેના કડાંઓમાં કેટલો બધો કચરો હોય છે તે જુઓ. આપણા **ખાટલાઓ** કેવા ડામીસ હોય છે, કેવી ફાટોવાળા છે, કેવા મેલા હોય છે, તેના

વહાણુમાં કે પાટીમાં કેટલી બધી ગાદો હોય છે, તેના પાયાના વિધ કેટલાં બધાં જરૂર કરતા મ્હોટા હોય છે, તેના ઇસ ઉપરાં કેવાં લાંબાં ટુંકાં હોય છે, તે કેટલી બધી જગ્યા રોકે છે, તેમાં કેટલી બધી ધૂળ ભરાઇ રહે છે, અને તે મુસાફરીમા લઈ જવા લાવવામા કેટલા બધા અગવડ ભર્યા છે એ જુઓ ! તેની ઉપર પાથરવાનાં દાદાના વખતનાં ચાલ્યાં આવતાં **સડી ગયેલ ગાદલાં ગોદડાં** જુઓ, તેમા કેટલી ધૂળ હોય છે, કેવી વાસ હોય છે, કેવું રૂપ હોય છે, કેવો આકાર હોય છે, કેટલા ચાંચડ માકડ હોય છે અને તેને સાફ કરવામાં કેવી બેદરકારી હોય છે એ જુઓ, અને પછી મને કહો કે **શું આ બધી બાબતો સંતોષ રાખવા જેવી છે ?** શું આવી ને આવી સ્થિતિમા રહીને આપણે આગળ વધી શકશુ ! નહિ બન્ધુઓ, એમ કદી પણ બનવાનુ નથી જો આપણે આપણી પોતાની ઉન્નતિ કરવી હોય, તો જે જે વસ્તુઓના સબંધમાં આપણને રહેવું પડે છે તે દરેક વસ્તુઓને પ્રથમ આપણે સુધારવી જોઇએ, અને પરિપૂર્ણ બનાવવી જોઇએ; તોજ આપણામાં પૂર્ણતા આવી શકે, પણ જ્યાં સુધી આપણે આપણી આસપાસની વસ્તુઓની કિમત સમજીએ નહી, ત્યાં સુધી આપણી કિમત વધી શકે નહિ, માટે આપણી ઘરસંસારી વસ્તુઓ સુધારવા સારૂ તથા આપણી જીદગીને જરૂરીઆતની ચીજો સુધારવા સારૂ હું તમોને જરા જરા આગળ વધવાનું કહું છું, અને તેમ છતાં એમા જો મ્હારી કાંઇ ભૂલ થતી હોય તો હું પડિતજી પાસે ક્ષમા માગું છું.

હવે **આપણાં** ઘર સામે જુઓ. તેમાં ચો તરફ કેટલો બધો

**કચરો** પડેલો હોય છે તે જુઓ બાપના બાપની અને તેના બાપના વખતની કેટલી બધી **નકામી વસ્તુઓ** ખુણે ખાચરે પડેલી **હોય** છે તે જુઓ એવી જંતુઓવાળી, દરિદ્રતા દેખાડનારી નકામી વસ્તુ-ઓને પણ આપણે કાઢી નાખી શકતા નથી, પણ એ કોઇક દિવસ કામ લાગશે, એમ ધારીને તેને સાચવ્યા કરીએ છીએ, અને એ પાછળ જગ્યા, વખત, તથા મનની શક્તિઓ રોકીએ છઇએ એ આપણા મનની નબળાઈ જુઓ. આપણા દેશમાં તો સૂર્યના પ્રકાશની ખોટજ નથી, તેમ છતાં આપણા ઘરની બાંધણી કેવી કેદખાનાના ભોયરા જેવી હોય છે અને તેમા હવા તથા **અજવાળું** કેટલુ થોડું **આવે** છે એ જુઓ આપણા ઘરોમા .દરરોજ સ્હવાર સહાજ **કેટલો** બધો **ધૂમાડો** થાય છે અને તેથી બાયડીઓ છોકરાની **આંખોને** કેટલુ બધુ નુકસાન થાય છે અને તેઓના સૌન્દર્યનો કેટલો બધો વિનાશ થાય છે એ તમે જાણો છો ? અને તેમ છતા આ દર-રોજની પીડા માટે પણ આપણે શુ ઉપાયો કરીએ છીએ એ મને કહો તો ખરા ? શું આ સ્થિતિ ચલાવી લેવા લાયક છે ? **આજના સુધરેલા જમાનામાં** એક તરફ જ્યારે જૂદી જૂદી જાતની ગ્યાસો, વિજળી, ટર્પાટન, કેરોસીન, પેટ્રોલ વિગેરેની સગવડો છે, તેવા વખ-તમાં પણ, અને એ બધુ કોઇકની મહેનતથી તૈયાર મળે તેમ છતાં આપણી બ્હેનો ને આપણી દીકરીઓ ધૂમાડોજ ફુકયા કરે અને તેથીજ કુરૂપણી તથા આંધળીઓ થાય એ શું દયા ખાવા જોગ નથી ? સંતોષ ! આવી બાબતોમાં સંતોષ ! ! **એવા સંતોષને ગટરમાં ફેંકી દો.** એવા સંતોષને જહાનમની ખાડમા નાખી દો. અત્યારે તો આપણી સ્થિતિ સુધારવા માટે અને આપણાં ઘર

સુધારવા માટે વિવેકની હદમાં રહેલા, કાયદાની હદમાં રહેલા, બુદ્ધિની હદમાં રહેલા અને આપણી પોતાની શારીરિક તથા માનસિક સ્થિતિઓ અને સંજોગોની હદમા રહેલા **અસંતોષની જરૂર** છે એ બધાની પાર જાય તેવો અસંતોષ રાખવાનુ હુ કહેતો નથી, પણ એ બધાની હદમાં રહે અને આપણી સ્થિતિ સુધારવામા તથા આપણો ઘરસંસાર સુધારવાની બાબતમા ઉપયોગી રહે તેવો અસંતોષ રાખવાનુ હું કહું છું, અને આમા જો તમને કોઇને કાંઇ વાંધો હોય, તો તેનો ખુલાસો કરવા હું તૈયાર છુ, અને જો આ બાબતમાં મ્હારી કાંઇ ભૂલ થતી હોય તો માફ માગવા અને ભૂલ સુધારવા પણ તૈયાર છું.

**આપણાં વાહનો** જુઓ ઘોડા ઉપર નાખવાનો ભારે અને બેડોળ સામાન જુઓ આપણાં **રેઢીઆળ ગાડાંઓ** જુઓ તેમાં ચડવા ઉતરવાની સગવડ નહિ, ઘડીકમા ઉલળ થઇ જાય, ને ઘડીકમાં ધરાળ થઇ જાય બે ચાર ગાઉ તેમા બેસીએ તો ઢાંઢા ભાગી જાય અને હાડકાં ખોખરાં થઇ જાય, એ અનુભવ હુ ધારૂ છુ કે તમને પણ ઘણી વખત થયો હશે માલ ભરવાના ગાડા પણ એકજ જાતનાં, જુદી જૂદી જાતના માલ માટે જૂદી જૂદી જાતની સગવડોવાળાં ગાડાઓ મળે નહિ, તેમજ માણુસોને બેસવા માટે પણ એવાંજ બેડોળ જંગલી ગાડાંઓ, છતા પણ તેમાં સુધારો વધારો કરવાનું કોઇનું મન થાય નહિ **એ સ્થિતિ શું સંતોષ રાખવા લાયક છે?** ગાડાઓની સાથે એ પણ જુઓ કે તેને **ચાલવાના રસ્તા** કેવા કઢંગા હોય છે, કેવા ઉચા નીચા હોય છે, કેવા ખાડા ખબડાવાળા, પૈડા ખુચી જાય તેવી કેટલી બધી ધૂળવાળા કે રેતીવાળા હોય છે અને ચોમાસાના વખતમાં નદી નાળા ઉપર કેટલી બધી

મુશ્કેલી થાય છે અને બળદોને કેટલો બધો ત્રાસ પડે છે, એ તમે જાણો છો ? બન્ધુઓ ! આ બધા બનાવો દરરોજ આપણી નજર આગળ બન્યા કરે છે, અને તેમ છતાં તેમા સુધારો વધારો કરવાનુ આપણા લોકોને મન થતું નથી ! એ લાગણી તે કઇ જાતની કહેવાય? અને એ જ્ઞાન તે કઇ જાતનું કહેવાય ? હાલની આપણી કેળવણી શું આપણને એમ શીખવે છે કે આપણે આવી કઢંગી સ્થિતિમાં પડયા રહેવુ જોઇએ ? અરે ! આવા કેળવણીના વખતમા અને અનેક જાતની સગવડોવાળા **પ્રતાપી નામદાર બ્રિટિશ સરકારના સુખશાન્તિ ભરેલા રાજ્યના આશ્રય** તળે પણ જો આપણે આવી બાબતોમા પણ આગળ નહિ વધી શકીએ અને એવાને એવાજ બોથડ જેવા રહીએ, તો એમા વાક કોનો ? કહો કે એ ખોટા સંતોષનો વાંક છે.

બન્ધુઓ ! મને દેશના અસંતોષની વાતોની ખબર નથી, એ ખબર તો જેને દેશનો પૂર્ણ અનુભવ હોય, જેનુ જ્ઞાન બહુ વિશાળ હોય, જેની ઉમ્મર પુખ્ત હોય તેથી જેણે ઘણી આગલી પાછલી જોઇ હોય તેને હોય, પણ હું કાંઈ એવો બહોળો અનુભવ ધરાવતો નથી. માટે આખા દેશના અસંતોષની વાતો કહેવાનો હુ દાવો કરતો નથી. તેમજ રાજ્યના અસંતોષની વાતો પણ હુ કરતો નથી, કારણ કે એ મ્હારો વિષય નથી, એ રાજકિય પુરૂષોનુ કામ છે. અને હુ તો માત્ર વિદ્યાર્થીઓને ભણાવવાનું કામ કરૂં છું એટલે રાજકિય અસંતોષની વાતો કરવી એ મ્હારૂં કામ નથી તેમજ સમસ્ત પ્રજાના અસંતોષની વાતો પણ હુ કરતો નથી. કારણ કે મને કાંઇ બધી પ્રજાઓનો પૂર્ણ અનુભવ નથી. એટલે એ બાબતમાં પણ મ્હારે કાંઈ બોલવા

જેવું નથી, પણ હુ જે અસંતોષની વાતો કહું છુ તે તો મ્હારા ઘરના અસંતોષની વાતો છે, અને મ્હારી સ્થિતિ સુધારવા માટે, મ્હારે હમેશા જરા જરા આગળ વધવુ જોઇએ તે માટે, જે થોડોક અસંતોષ મનમા રાખવો જોઇએ તે અસંતોષની હુ આ વાતે કહું છુ; અને તે કાંઇ માત્ર બહારથીજ સાભળેલી વાતો નથી, ઉપર ટપકેની વાતો નથી, એકતરફી દોરવાઇ જઇને કહેલી વાતો નથી, ચોપડીએ માં વાંચી વાચીને પઢેલા પોપટની પેઠે મોઢેથી બોલી દેવાની વાતે નથી અને બાપદાદાથી ચાલતી આવેલી અથવા કલ્પનામાથી ઉભી કરેલી વાતો નથી, પણ હુ તો હમેશા જે મ્હારી નજરે જોઉ છું અને ઘણાં વરસો થયા ઘણે ઠેકાણે વારવાર જે બાબતો અનુભવુ છું, તેજ વાતો હુ તમારી આગળ કહુ છુ જો કે આમા નવુ કાઇપણ નથી તમે બધા આ બધી બાબતો બરાબર રીતે જાણો છો. તોપણ જ્યારે પંડિતજીએ બહુજ ભાર મુકીને આપણી સ્થિતિમા સંતોષ રાખવાની વાતો કહી ત્યારે આપણી સ્થિતિ સુધારવા સારૂ અને પગથીયે પગથીયે જરા જરા આગળ વધવા સારૂ આ વાતો મ્હારે તમને કહેવી પડે છે જો કે આજે વખત બહુ થઈ ગયો છે, અને ઘેરે બૈરાઓ વાટ જોતા રહ્યા હશે એમાં કાઇ શક નથી, છતાં પણ બન્ધુઓ ! આપણા ઘર સંસારનું ખરૂં ચિત્ર તમે જોઇ શકો, માટે હજી પણ અરધો કલાક વધારે રોકાવાના હું તમને વિનંતિ કરૂં છુ.

દરસાલ વર્ષાઋતુમા કેટલું બધું પાણી સમુદ્રમાં ફોકટ ચાલ્યું જાય છે એ તમે જુઓ છો ? આપણી પૂર આવેલી મ્હોટી મ્હોટી નદીઓ, વહેળાઓ, ઝરણાંઓ, નહેરો અને ખાડાઓમાથી ચોમાસામાં કેટલું બધું પાણી ફોકટ ચાલ્યું જાય છે ? એ જ્યારે

આપણે જોઇએ ત્યારે આપણને કાંઇક લાગી આવે છે, અને તેમાં પણ જો ગણતરી કરતાં આવડતી હોય કે કેટલા કરોડ મણ કે કેટલા અબજ મણ પાણી ફોકટ ચાલ્યું જાય છે. એ સાચી ગણતરી જો આપણે જાણીએ, તો આપણને અજાયબી લાગ્યા વિના રહે નહિ. આપણા દેશમા સરેરાશ ત્રીસ ઇંચ વરસાદ પડે છે હવે જો આપણને કોઇ એમ સમજાવે કે આખા હિંદુસ્થાનમા એક ઇંચ વરસાદ પડે, ત્યારે કેટલા કરોડ ટન પાણી પડયુ કહેવાય, અને તે ગણતરી ઉપરથી દરવરસે સરેરાસ કેટલુ પાણી પડે છે, એ આપણે જાણીએ, અને તેમાથી કેટલું થોડુ પાણી આપણા ઉપયોગમાં આવે છે અને બાકીનુ કેટલુ બધું પાણી ફોકટ ચાલ્યુ જાય છે એ જો આપણે સમજીએ, તો આપણને અજાયબી અને દિલગીરી લાગ્યા વિના રહે નહિ, કારણકે એક વર્ષમા વરસાદનુ જેટલુ પાણી પડે છે તે પાણીને જો આપણને સાચવી રાખતા આવડે તો તે બીજાં ચાર વરસ સુધી કદી બિલકુલ વરસાદ ન પડે તોપણ બહુજ સ્હેલાઇથી ચાલી શકે એટલું હોય છે અને તેમ છતા અફસોસ કે જો માત્ર એક વર્ષ વરસાદ ન વરસે અથવા ઓછો વરસાદ થાય, તોપણ કરોડો માણસોને પાણી વિના તરફડવુ પડે છે હજારો ઢોરો પાણીવિના મરી જાય છે અને પાણીની તગીને લીધે કરોડો રૂપિયાની આવક ઓછી થઇ જાય છે; એટલુજ નહિ પણ પાણીની ખોટને લીધેજ માત્ર એક વર્ષમાં લાખો કુટુંબો પાયમાલ થઈ જાય છે. **આ શું ઓછી દિલગીરીની વાત છે?** શુ એનાં ઉપાયો આપણા હાથમાં નથી ! ફોકટ સમુદ્રમાં ચાલ્યા જતાં પાણીને **બાંધ કામો** કરીને **નહેરો** ખોદીને, **તળાવો બંધાવીને** અને નદીઓ

આડા બંધો બંધાવીને તેના મ્હોટા ભાગને રોકી દેવાનું બળ શું માણસોના હાથમાં નથી? બેશક, એ બળ માણસોના હાથમાં છેજ. અને તેમ છતાં અખૂટ પાણીને દરવરસે આપણે ફોકટ ચાલ્યું જવા દઇએ અને ગરીબીમાં સડયા કરીએ અને પાણી પાણી કરતા હેરાન થયા કરીએ એ શું સંતોષ રાખવાલાયક બાબત છે? બન્ધુઓ! હમણાં ખોટા સંતોષની વાતો ન કરો જ્યાં સુધી આપણા વ્યવહારની દરેક બાબતોમા સુધરેલી દુનિયાના લોકો કરતાં આપણે પાછળ છીએ ત્યા સુધી સંતોષની વાતો ન સાંભળો. પણ ઉચ્ચ ઉદ્દેશ તથા મહત્વાકાક્ષા રાખીને તે પાર પાડવા સારૂ હિમતથી, લાગણીથી, ઉત્સાહથી, દ્રઢતાથી અને ખરેખરી તિવ્ર ઇચ્છાથી જરા જરા આગળ વધ્યાજ કરો; અને એવી રીતે આગળ વધવા સારૂ થોડો થોડો અસંતોષ સદાય રાખ્યાજ કરો.

બન્ધુઓ! **મરણપ્રસંગે** આપણામાં **રોવા કૂટવાના** અને બેહદ **શોક પાળવાના** જે રિવાજો છે તે, તથા **મરનારની પાછળ** ક્રિયાઓ કરવાના અને **નાતો જમાડવાના** જે મ્હોટા ખરચો છે અને તેને લીધે હજારો ગરીબ માણસો કરજના બોજામાં દબાઇ જાય છે અને તેમાંથી પાછાં ઉભા થઇ શકતા નથી તેમજ શોકને લીધે લાખો બાઇઓની જીંદગી ધૂળમાં મળી જાય છે એ શું તમે નથી જાણતા? આ બધી બાબતો શું એવા ને એવા રૂપમાં હાલના જમાનામાં ચલાવી લેવાય તેવી છે? શું એમાં સુધારા કરવાની જગ્યા નથી? તે ખાતે જે થાય છે તે બધું શું સંતોષ રાખવાલાયક છે? કહો કે નહિજ અને તેમ છતાં સંતોષની વાતો કરવી! એવા ખોટા સંતોષને હમણાં તો દૂરથીજ રામ રામ કરો.

આપણાં ઘરોમા **લગ્ન, સીમંત, જનોઈ,** વિગેરે પ્રસંગોએ આપણી માતાઓ, આપણી બ્હેનો, આપણી દીકરીઓ અને આપણી પાડોશણો કઇ જાતના **ગીતો** ગાય છે, એ ગીતોમાં કોઇ કોઇ વખત કેટલી બધી મલીનતા અને હલકાઈ હોય છે, એ તમે જાણો છો? શુ એમા સુધારો વધારો કરવાની જગ્યા નથી? આપણે આપણી પુત્રીઓને એવી હલકી ભાવનાઓમાં રાખી મૂકશુ? એમ થાય એ તો આપણી હાલની કેળવણીને લાછનરૂપ છે એમાં સતોષ રાખી શકાય એવી આ બાબત થી

આપણા **ફળીયાંઓ** જુઓ તેમા કેટલું બધું પાણી ચોમાસામા ભરાય છે તે જુઓ આપણા પગના અને પગરખાના શું હાલ થાય છે તે જુઓ ગટરોની કે એવીજ બીજી કાંઇ સારી સગવડો નહિ હોવાથી ફળીયામાં કેટલી ગદકી હોય છે, ભટકતાં જાનવરો ફળીયામા કેટલા બધા રખડયા કરે છે, જંગલી કુતરાઓનું ગામડામાં કેટલું બધું જોર હોય છે અને તેથી કેટલી બધી હેરાનગતી ભોગવવી પડે છે, **ઘરમાં બિલાડાંઓ** વારંવાર દૂધ, ઘી કેવી રીતે ઉડાવી જાય છે અને **ઉંદરમામાઓ** દાણાદુણી તથા કપડાં લત્તાઓમાં દરેક ઘરમા દરસાલ કેટલું બધું નુકશાન કરે છે, એ તમે જાણો છો? આખા હિંદુસ્તાનમાં દર વરસે થતી એ નુકસાનીનો આકડો કહાડયો હોય તો એ કેટલો બધો મ્હોટો રાક્ષસી આંકડો થાય, એ ખ્યાલ તમે કરી શકો છો? શું આ બધી સ્થિતિ સંતોષ રાખવાલાયક છે? અને શું એમાં સુધારાની જગ્યા નથી? **શું એ બાબતમાં આપણે કંઇ કરી શકીએ નહિ?** બન્ધુઓ! બેશક, આ બધી બાબતોમાં આપણે ઘણુએ કરી શકીએ તેમ છીએ,

પણ અફસોસ કે તેમ છતાં ખરેખરૂં સંગીન કામ થતું નથી; અને ઘણાં વરસો સુધી પાર પડી શકે નહિ તેવી ખોટી ખોટી મ્હોટી મ્હોટી આશાઓ રાખ્યા કરીએ છીએ, અને ફીણની પાછળ દોડયા કરવામાં વખત ગુમાવી નાખીએ છીએ; પણ આપણા ઘરસંસારમાં આવી આવી જે બાબતો ખાસ કરવા લાયક છે અને બહુજ સ્હેલાઇથી બની શકે તેવી છે તે બાબતમા પણ આપણે વધારે ધ્યાન આપીને કામ કરતા નથી શુ આ સ્થિતિ સતોષ રાખવા લાયક છે?

હવે લગ્નના રિવાજો તરફ નજર કરો. બ્હેન આપીને બૈરી લેવાય છે તેવાં સાટાં દોઢાં તરફ જુઓ, પૈસા આપીને કન્યાઓ વેચાતી લેવાય છે અને કેટલીક નાતોમા વર વેચાય છે, કેટલેક ઠેકાણે કૂળની કીંમત ગણાય છે, કેટલેક ઠેકાણે માબાપોના સ્વાર્થને ખાતર લગ્નો થાય છે, કેટલેક ઠેકાણે ઘોડીઆમાંથી ઢીંગલા ઢીંગલીનાં લગ્ન થાય છે, કેટલેક ઠેકાણે વિદ્યાના કજોડાં, રૂપનાં કજોડાં, સ્વભાવનાં કજોડાં અને ઉમ્મરનાં કજોડાં થાય છે, તથા કેટલીક ટુકી ટુકી નાતોમાં વર નહિ મળવાથી છોકરીઓને એક ઉપર બીજી આપવી પડે છે, તથા કેટલીક નાતોમાં કન્યાઓ ન મળવાથી હજારો યુવાન પુરૂષો વાંઢા રખડે છે, એ બધી સ્થિતિ શું હાલના વખતમાં ચલાવી લેવા જેવી છે? શું એ બધી બાબતો સંતોષ રાખવાલાયક છે? શું એમાં સુધારાની જગ્યા નથી? બેશક, આ બધી બાબતોમાં હજુ આપણને ઘણુંએ કરવાનું બાકી છે. જ્યાં સુધી પ્રેમનાં લગ્નો ન થાય, સ્વયંવરનાં લગ્નો ન થાય અને શાસ્ત્રમા કહેલા વિધિસર ઉત્તમ પ્રકારના લગ્ન ન થાય અને સ્ત્રી તથા પુરૂષ બંને મળીને એક અંગ

ન થાય, ત્યાં સુધી આ બાબત સંતોષ રાખવાલાયક નથી, એટલું જો તમે સ્વીકારો તોપણ હું મ્હારા આજના ભાષણની સાર્થકતા સમજીશ.

હવે આપણા **જંગલી રેંટ અને ફાટેલા કોષ** તરફ નજર કરો. રેંટમાં કાતો બેસવાની માંચી સારી હોય નહિ, કાં તો રેંટ બરોબર ચાલી શકે તેવો હોય નહિ, કા તો માળ તુટેલી હોય, કાં તો ઘડો ફુટેલી હોય અને હાંકવાવાળો માચીમાં બેઠો બેઠો ઉંઘતો હોય ને બળદો પણ ઝોલા ખાતા ખાતા ચાલતા હોય, એ દેખાવ તમે જોયો છે? કોષમા કેટલાં ગાબડાં હોય ને તેમાથી કેટલું બધું પાણી ફોકટ ચાલ્યું જતું હોય, તથા તે ચલાવવામા હાંકનારને કેટલી બધી મુશ્કેલી પડે છે, એ દેખાવ ધ્યાન દઇને તમે નજરે જોયો છે? અને તેમ છતાં રેઢીઆળ ધોરીઆઓમાથી કેટલે બધે ઠેકાણેથી કેટલું બધું પાણી ફોકટ ચાલ્યું જાય છે અને આખા દહાડામા કેટલુ થોડું કામ થાય છે એ તમે જાણો છો? શું **આમાં સુધારો થઈ શકે એમ નથી?** બળદો દુઃખી થાય, માણસનો વખત જાય, ખરચ એટલું ને એટલું લાગે અને તેમ છતાં રોપાને પાણી બરોબર પહોંચી શકે નહિ, એ સ્થિતિ શું સંતોષ રાખવાલાયક છે? પાણી પાવાનું જે કામ એક દિવસમાં કરી શકાય તેટલી જમીનને પાણી પાવા માટે ચાર દિવસ લાગે તોપણ આરો આવે નહિ અને જેટલુ કામ એક બળદથા થઇ શકે તેટલું કામ કરવા માટે ચાર બળદ રાખવા પડે, એ શું **ગરીબ ખેડુતોની** દયા ખાવા લાયક સ્થિતિ નથી? અને તેમ છતાં આપણે આપણી હાલની સ્થિતિમાં સંતોષ રાખવાની વાતો કરીએ, એ શું એક પ્રકારની ભૂલ નથી? હાલમાં તો આપણે આપણા બન્ધુઓને ખાસ ચાહીને એમજ શી-

ખવવું જોઇએ કે હજી તમારે કરવાનું ઘણુંએ બાકી છે. હજી દરેક લાઇનમા સુધારા વધારાની પુષ્કળ જગ્યા છે, અને ધીરે ધીરે દરેક બાબતમા એકેક પગથીયુ આગળ વધવાની આપણે મજબુત ઇચ્છા રાખવી જોઇએ આવા ઉપદેશની હાલમાં જરૂર છે, અને તે ઉપદેશ પણ માત્ર ઉપલકપણાનો નથી જોઇતો, પણ એક એક ખાતું પકડીને તેમા શું ખુબી છે અને શુ ખામી છે, અને તે ખુબીને કેમ વધારી શકાય તથા તે ખામીને કેમ દૂર કરી શકાય, એ બધી વાતે વિધિસર બતાવવી જોઇએ તોજ આપણે કાઇક સેવા કરેલી ગણાય એમ કર્યા વિના માત્ર અલેલટપુપણે લોકોને કહી દઇએ કે તમારી સ્થિતિમાં સંતોષ રાખો, એ કાઇ વ્યાજબી નથી.

હવે આપણા **મંદિરો** ( દહેરાસરોની) સ્થિતિ જુઓ. તેમાં ઠેકઠેકાણે કેટલો **કચરો** પડી રહી છે તે જુઓ. પ્રતિમાજીઓ ઉપર કેટલો બધો **મેલ** ચડી ગયેલો હોય છે તે જુઓ મદીરોની **બાંધણીઓ** જુઓ કોઇ ઠેકાણે અજવાળાની વ્યવસ્થાજ નહિ તો કોઇ ઠેકાણે **ઉઘાડબારા** જેવું, તો કોઇ ઠેકાણે કેદખાનાની અંધારી કોટડી જેવા **ભોંયરાઓમાં** પ્રતિમા બીરાજમાન થયેલી હોય છે તે જુઓ આખે શરીરે પ્રક્ષાલ ન કરતાં જ્યાં કેશર ચઢતું હોય ત્યાંજ જરા જરા **વાળાકુંચી** ફેરવીને જરા સાફ કરી **કેશરનાં** થાપ્પલાં કરી દેવાય છે તે જુઓ. તેનાં **આંગલોણાંઓ** જુઓ. તે કેટલા મેલાં ને કેટલા વાસ મારતાં હોય છે તે જુઓ. માત્ર અગુઠાએ એટલે ચરણેજ **કેશર ફૂલ** ચઢાવવાને બદલે શ્વેતાબરી ભાઇઓની દેખાદેખીથી પ્રતિમાને આખે શરીરે કેશરના ને ફૂલના લેપડા કરે છે ને મસ્તક પર પણ ફૂલના હારો કેટલેક સ્થળે ચઢાવે

છે તે જુઓ. શું આ **સંતોષ રાખવાલાયક છે?** શું આમાં સુધારો થઇ શકે તેમ નથી? કેટલા મંદીરોમાં રોજ **અષ્ટ દ્રવ્યથી** પૂજન થાય છે તે જુઓ. **અષ્ટદ્રવ્ય** દરેક સ્થળે કેટલાં **અશુદ્ધ** વપરાય છે તે જુઓ. સાફ કર્યા વિના અને પાણીથી ધોયા વિના પૂજાપો ચઢાવાય છે તે જુઓ શુ આ સંતોષ રાખવાલાયક છે? શુ મા સુધારો થઈ શકે તેમ નથી? દરરોજ સાંજે કેટલા મંદિરોમાં ઘીના દીવાઓ થાય છે ને કેટલા શ્રાવકો દર્શન કરવા આવે જાએ છે તે જુઓ મંદિરોમ **સ્વાધ્યાય** એટલે શાસ્ત્ર વચનાનુ તો મીડુંજ દેખાય છે તે જુઓ. ઝટ ઝટ ચપટી ચોખા ચડાવ્યા ન ચડાવ્યા, જરા તરા પગે લાગ્યા ન લાગ્યા ને ઝટ દઈને કેશરનુ ટીલું કરીને ઘેર ન્હાસી ગયા એનેજ દેવદર્શન સમજાય છે એ જુઓ દર્શન કરતી વખતે ચઢાવવાના ચોખા જુઓ ઘેર ખાવાને તો આખા **ચોખા** જોઇએ અને મંદીરે ચઢાવવાને તો પોણીઆ અડધીઆ, વાટલા, તેમજ વગર વણેલા ને વગર ધોયલા પણ ચલાવી લેવાય છે તે જુઓ શુ આ સ્થિતિ સંતોષ રાખવા લાયક છે? શું એમા સુધારો થઈ શકે તેમ નથી? દરેક સ્થળે વસ્તી તો ઘટતી જાય છે ને જુનાને સુધારવાને બદલે **નવા મંદિરો** બાંધવાનો તથા **નામ કરવાનો અભખરો** વધતો જાય છે તે જુઓ સામટાં દહેરાસરો હોવાથી તથા સામટી પ્રતિમાઓ હોવાથી તેની સાર સંભાળ બરાબર લેવાતીજ નથી તે જુઓ શ્રાવકોને બદલે ગમે તેવી જાતના કે ધર્મના **પૂજારીઓ** વેઠીયાવાડની વેઠની માફક જરાતરા વાળાકુંચી ફેરવી ન ફેરવીને કેશરના ચાંલ્લા કરી ચાલતા થઈ જાય છે ને તેની તપાસ પણ કોઇ રાખતું નથી તે જુઓ. શું આ

સ્થિતી સંતોષ રાખવા લાયક છે ? શું શ્રાવકોની સંખ્યા હાથે પ્રક્ષાળ કરી શકે તેટલી નથી ? **શું આ બબાતમાં સુધારો થવાની જરૂર નથી ?** આવી બાબતમાં તો અસંતોષ રાખવાની જરૂર છે અને તેને સુધારવાની જરૂર છે.

હવે આપણાં **શાસ્ત્રોની દશા** જુઓ. શાસ્ત્રો કોઇ ઠેકાણે **કબાટમા** તો કોઇ ઠેકાણે **પેટારાઓમાં**, તો કોઇ ઠેકાણે **ભોંયરાઓમાં**, તો કોઇ ઠેકાણે દહેરાસરોમાં વચ્ચોવચ્ચ **રખડતાં** જોવામાં આવે છે તે જુઓ તેને દરેકને **બંધન** ન હોવાથી તે કેટલા **મેલાં** તથા **ફાટી ગયેલાં** હોય છે તે જુઓ. **શાસ્ત્રોના ઢગલાઓ** હોવા છતા કોઇ વાચવા કે નકલ કરવા માંગે તો તેના **વારસીઆઓ !** તે આપતાજ નથી ને **સડાવ્યા કરે** છે તે જુઓ

**જુલ્મી મુગલાઈના** વખતમાં શાસ્ત્રો નદીઓમા ફેંકાવી દેવાતા હતા કે બાળી નંખાવતા હતા જેથી સંભાળી મુકતા હતા, ત્યારે હવે **શાંતિમય બ્રીટીશ રાજ્યમાં તો જરા પણ ભય નથી,** તો તે વખતની માફક શાસ્ત્રોને કેદ કરી રખાય છે ને **ઉંદર** તથા **ઉધાઈના** ભોજન રૂપ કરી દેવાય છે એ શું સંતોષ રાખવા લાયક છે ? જોઇતા મુનિ, ત્યાગી, ભટ્ટારકોના કે ઉપદેશકોના અભાવે શાસ્ત્રો હાથે વાચીને જ્ઞાન પ્રાપ્ત કરવાની જરૂર છે, તેથી દરેક શાસ્ત્રની ઘણી નકલો હોવાની જરૂર છે જે દરેક લખાવતા તો ઘણો ખરચ ને ઘણો વખત થાય અને વળી મોઘા પડે, તેમ અક્ષરો પણ ઉકલે તેવા ન હોય તેમ છતાં **શાસ્ત્રોને છપાવવા ન જોઈએ એવું પુંછડું પકડી રાખનારા મમતીલાઓ કેટલો ભૂલાવો ખાઈ રહ્યા છે તે જુઓ.** શ્વેતાંબરી જૈનમાં છપાઇ છપાઇને

શાસ્ત્રોનો કેટલો બધો ફેલાવો થયો જાય છે ને સામટાં છપાવાથી કેટલાં બધાં શસ્તાં મળે છે તે જુઓ **વિનયનુજ પૂછડું** પકડી રાખનારા **છાપેલા શાસ્ત્રોના વિરોધીઓ** શુ ભૂલ કરતા નથી તે જુઓ. વિનય તે કેટલી હદ સુધી અને કોનો થવો જોઇએ તે કેટલા સમજે છે તે જુઓ. શુ આવી સ્થીતિ સતોષ રાખવાલાયક છે ? હુ તો કહીશ કે કદી પણ નહિ આ બાબતમા અસતોષનીજ જરૂર છે.

હવે આપણા ઘર આગળ દરરોજ દશવીશ **ભીખારીઓ** ભીખ માગવા આવે છે તેઓની સામે જુઓ. અને વિચાર કરો કે તેઓમાં કઇ જાતની લાયકાત કે જે લાયકાતને ખાતર તેઓ આપણી પાસે ભિક્ષા માગવાનો દાવો કરે ? એ દાવાની જો તપાસ કરો, તો તમોને એમ લાગે કે માત્ર અજ્ઞાનપણુ અને દરિદ્રતા અને તે પણ તેઓની પોતાની તથા આપણા દેશના વિદ્વાનો, શ્રીમતો, રાજાઓ અને બીજા જે કોઇ ગુણી માણુસો હોય તેઓની બેદરકારી અને તેઓની અજ્ઞાનતાનુજ એ પરિણામ છે. અને દરિદ્રતા તથા અજ્ઞાનતા એ બે કારણ સિવાય ભીખ માગવા માટે બીજી કોઇપણુ યોગ્યતા તેઓમા નથી, અને તેમ છતા તેઓ આપણા ઉપર બોજારૂપ થઇ પડે છે, **એ સ્થિતિ શું સતોષ રાખવા લાયક છે ?** અને તેઓના તથા આપણા લોભને ખાતર શુ એ સ્થિતિ ચલાવી લેવા જેવી છે ? કહો કે નહિજ.

ભીખારીઓની બાબતમાં જેમ બહુ સુધારાની જરૂર છે તેમજ જૂદા જૂદા સપ્રદાયના સાધુઓની બાબતમાં પણ બહુ વિચારવા જેવું છે; કારણકે લૂગડાં રંગવાં, રાખ ચોપડવી, જટા રાખવી તથા માથું

મુડાવવું, ગાંજા તમાકુની ચલમો ઉડાવવી, વ્યવહારની દરેક સારી ચીજો તરફ બેદરકારી રાખવી, લોકોની સાથે કઠોરતાથી વર્તવુ, કાંઈપણ જ્ઞાન મેળવવુ નહિ પણ પોતાના તોર પ્રમાણે ચાલ્યા કરવુ અને ડહુકા ઉડાવીને, ભય બતાવીને, લાલચો આપીને તથા વ્હેમ વધારીને ધન ધૂતવાં, એ સિવાય ઘણા બાવાઓમા કઈ જાતની યોગ્યતા છે એ મને કહો તો ખરા ? હજારો સાધુઓમાં એકાદો ખરો સાધુ હોય કે લાખો સાધુઓમા એકાદો મહાત્મા હોય એ જૂદી વાત છે પણ વધુ ભાગે શુ છે તે જુઓ, અને એ બધી સ્થિતિ સંતોષ રાખવા લાયક છે કે અસંતોષ રાખવા લાયક છે તે તપાસો, અને એ પછી જેમ વ્યાજબી લાગે તેમ કરો.

હવે આપણા ગરીબ બિચારા **ખેડુતોની સ્થિતિ** જુઓ. અમેરિકામાં ખુરશી, કોચ, ટેબલ, ઘડિયાળ વિગેરે તો દરેક મજૂરને ત્યા, ખેડુતોને ત્યા, ધોબી, મોચી અને હજામોને ત્યા પણ હોયજ એમાં કાઇ નવાઇ નથી પણ જે ઘેરે મોજશોખનુ સાધન હારમોનીયમ ન હોય તેવા ઘર પણ બહુજ થોડા હોય છે. તેને બદલે હારમોનીયમ અને ઘડિયાળ તથા ખુરશી કોચ તો બાજુએ રહ્યાં, પણ પહેરવાને પણ પૂરાં લુગડાં હોતા નથી અને ખાવા માટે જુવાર કે કોદરાના રોટલાના કટકાનું પણ ઠેકાણુ હોતુ નથી અને તેવા માત્ર હજારો કે લાખોજ નહિ પણ કરોડો માણસો છે, એ શુ તમે નથી જાણતા ? તેઓ આખુ વરસ અતિશય મહેનત કરે છે અને તેમ છતાં તેઓ **કેટલા બધા કંગાલ છે**, તે જરા જુઓ તો ખબર પડશે કે કોઇની પાસે હળ હોય તો ગાડુ હોય નહિ. ગાડું હોય તો બળદ હોય નહિ, બળદ હોય તો સાથી રાખી શકે તેમ હોય નહિ, સાથી

હોય તો જેવુ જોઇએ તેવુ સારૂ બીજ રોપવા મળે નહિ અને બીજ પણ હોય તો ખાતર વગેરેનુ ઠેકાણું હોય નહિ તેથી તેઓ એટલા બધા કંગાલ રહે છે કે એ જોઇને આપણને તેઓની દયા લાગ્યા વિના રહે નહિ વળી તેઓની ઉપર **કેટલા બધા કર** હોય છે. આજ ઠેકાણે **વેઠનો કેવો જુલમ** હોય છે કેટલાક **લુચ્ચા વેપારીઓ** તેઓને કેમ ઠગી જાય છે, અને **ભીખારીઓ** તેઓનું લોહી કવી રીતે ચુસી જાય છે, તથા શિયાળ, સસલા, ડુક્કર અને **પક્ષીઓ** તેઓના માલમા **કેટલું બધુ નુકસાન** કરે છે એ તમ જાણો છો? કહો કે હા, થોડુ ઘણુ જાણીએ છીએ. અને તેમ છતા જરા શરમાતે કબુલ કરો કે તેઓને મદદ કરવા માટે આપણે હજુ સુધી કાઇ પણ કરતા નથી બન્ધુઓ! શુ આ સ્થિતિ સંતોષ રાખવા લાયક છે? **આપણા દેશમાં સેકડે હેસી ટકા ખેડુતો** છે, અને તેઓની આવી સ્થિતિ હોય એ શુ સારી વાત છે? શું એના આપણને શરમ લાગે કે દિલગારી લાગે એવું નથી? શું એ તેઓની સ્થિતિમાં તેઓએ સતોષ રાખવા લાયક બાબત છે? કહો કે નહિ, આપણને એવો ખોટો સતોષ જોઇતો નથી, પણ આપણે તો પગથીયે પગથીયે આગળ વધવુ છે, અને એ માટે વિવેકની હદમા રહેલો બુદ્ધિની હદમા રહેલો, કાયદાની હદમાં રહેલો અને દેશ કાળની હદમા રહેલો તથા આપણી **પોતાની સ્થિતિની હદમાં રહેલો અસતોષ અમોને જોઈએ છે.** કેમ! બોલો, તમને આ વાત કબૂલ છે કે નહિ? **( હા, હા, હાના પોકારો. )**

બંધુઓ! હવે સાધુબાવાઓની સામે જુઓ. તેઓ કેટલા બધા અજ્ઞાની હોય છે, કેટલાક બધા ઢોગ સોગમા પડેલા હોય છે,

કેટલા બધા બાલ્યાચારમાંજ રહી ગયેલા હોય છે, કેટલા બધા હઠીલા ફાંટાબાજ ને વ્યસનીઓ હોય છે, અને તેઓની સંખ્યા કેટલી બધા મ્હોટી છે, તેમાં દરસાલ કેટલો બધો વધારો થયા કરે છે, અને એ બધામાથી મ્હોટો ભાગ કેવી દયાજનક જીંદગી ભોગવે છે, એ તમે જાણો છો? શું તેઓની એ સ્થિતિ સંતોષ રાખવા લાયક છે? હાલમાં તેઓ દેશની ઉપર બોજારૂપ છે અને તેને બદલે તેઓને શુ વધારે ઉપયોગી ન બનાવી શકાય? બેશક, જો આપણે ધારીએ, મહેનત કરીએ, ખરચ કરીએ અને યોગ્ય રસ્તે કામ લઇએ, તો તેઓની સખ્યા ઘટાડી શકાય તેમ છે? તેઓનુ જીવન સુધારી શકાય તેમ છે અને તેઓને દેશની ઉપર એક આશિર્વાદ જેવા બનાવી શકાય તેમ છે, કારણ કે તેઓએ પોતાના ઘણાએ ખાનગી સ્વાર્થોનો ભોગ આપેલો હોય છે, માટે બીજા ઘણા લોકો કરતા તેઓ બહુ જલદીથી આગળ વધી શકે તેમ છે અને તેમ છતા તેઓ મલિન હાલતમા, અધમ દશામાં, પોઝિશન વિનાની સ્થિતિમા અને દરિદ્રી તરીકે પડ્યા રહે એ શુ સંતોષ રાખવા લાયક છે?

આપણા રેંકડાઓ, ગાડાંઓ, ખટારાઓ, અને એકકાઓ જુઓ એ વજનમાં કેવા ભારે છે? દેખાવમાં કેવા બેડોળ છે? અને તેમાં બેસવાની સગવડ કેટલી બધી ઓછી છે, તથા બળદને કે ઘોડાને તેમાં કેટલું જોર પડે છે? એ જુઓ. શું એમા સુધારાની જગ્યા નથી? હાલના **કળા કૌશલ્યના જમાનામાં** અને જ્યારે ઇજનેરી કળા એટલી બધી છે કે દરિયાઓ ખોદી નંખાય, નદીઓની નીચે રસ્તાઓ થાય, સમુદ્રની ઉપર માઇલોના માઇલો સુધી પૂલો બંધાય અને એક તરફથી જ્યારે મોટરો દોડે ત્યારે બીજી

તરફથી આપણા નશિબમાં એનાં એ રગશીઆં ગાડાંઓ રહે, એ શું દયા ખાવા જોગ નથી ? દુનિયાની દરેક ચીજોમાં ઉથલપાથલ થઈ જાય, પણ તેમ છતાં આપણાં ગાડાઓમાં કાંઇ પણ ફેરફાર થાય નહિ એવાં તે આપણાં ગાડાઓ, ખટારાઓ ને રેકડાઓ શું પરવાનો લખાવી આવેલાં છે તે મને કહો તો ખરા ? શું એમા સુધારાની જગ્યા નથી ? શુ એ સંતોષ રાખવા લાયક બાબત છે ?

હવે આપણી **ચોપડીઓના હાલ** જુઓ, તેનાં પૂઠાં જુઓ, તેની અંદરના કાગળ જુઓ, તેની છાપ જુઓ અને તેમાના કામ ચલાઉ ઉપરચોટીયા, હૃદય વિનાના, ચેતન વિનાના, જીવન વિનાના, લાગણી વિનાના, સ્વતંત્રતા વિનાના, નવીનતા વિનાના અને કોઇપણ જાતની ખાસ અદ્ભૂતતા વિનાના ઢીલાટફ લખાણો જુઓ; અને તેની સાથે યરોપ **અમેરિકાની છેલ્લામાં છેલ્લી શોધોનાં લખાણોની** સરખામણી કરો, અને પછી મને કહો કે શું આપણાં પુસ્તકોમાં સુધારાની જગ્યા નથી ? શું એ પુસ્તકો એવાં ને એવાં રહે તે સંતોષ રાખવા લાયક છે ? નહિ બંધુઓ ! અસલના લખતમાં કપડાંને બદલે ઝાડનાં પાંદડાંઓથી તથા ખોરાકને બદલે મફતના જંગલોમાથી ફળફુલથી ચલાવી લેતા હતા, ત્યારે સંતોષ રાખવાની વાતો કહેવામાં આવે તે બનવા જોગ છે, પણ હવે એવો કાળ નથી, હવે તો આપણને સંતોષને બદલે હદમા રહેલો અસંતોષ રાખવાનો ઉપદેશ જોઇએ છે, કે જેથી કરીને દરરોજ દરેક લાઇનમાં જરા જરા આગળ વધી શકાય, અને તેથી પરિણામે હિત થાય. માટે હવે ખોટા સંતોષની વાતો કરવાનો વખત નથી, પણ હવેતો થોડોક અસંતોષ રાખીને એક એક પગથીઉં આગળ વધવાનો વખત છે.

કેમ ! આ વાત તમોને ગમે છે કે નહિ? ત્યારે સભામાંથી પોકારો થયા કે યસ, યસ, (હા, હા.)

હવે આપણી **પાઘડીઓમાં ઘાલેલા ડુચાઓ** સામે જુઓ પાઘડીમા ભરાતા મેલ સામુ જુઓ. ઘણી જાતની પાઘડીઓના માથું દુખવી દે તેવા ભારે વજન તરફ જુઓ, ઘણી જાતની પાઘડીઓના બેડોળ આકાર તરફ જુઓ, ઘણી જાતની પાઘડીઓ એક બીજાથી જુદાઇ બતાવવામાંજ ઉપયોગી થઇ પડે છે તે સામે જુઓ અને ઘણી જાતની પાઘડીઓની મશ્કરી થાય છે તે સામે જુઓ, ઘણા જણની પાઘડીઓમાં કેટલો મેલ હોય છે, કેટલી જૂ તથા માંકડ હોય છે અને કેટલી ધૂળ ભરાએલી હોય છે તે બધું જુઓ. અને પછી મને કહો કે શું એ બધુ તદુરસ્તીના નિયમ પ્રમાણે છે? કહોકે નહિજ. અને તેમ છતા એવાને એવા રૂપમાં એ બધુ આપણે ચલાવ્યા જઇએ છીએ એ શું આપણી એક જાતની ભુલ નથી? શુ એમા આપણી પાઘડીઓમાં સુધારાની જગ્યા નથી ? શુ એ **ચલાવી લેવા જેવી બાબત છે?**

હવે આપણા **રેંડી પેંડી માસ્તરો** સામે જુઓ જેના હાથમા આપણા દેશની ભવિષ્યની આશા સોંપવાની છે, જેના હાથમાં આપણી જીંદગીનું તત્વ-બાળકો સોંપવાનાં છે, જેના હાથમાં પરમાત્માની થાપણ જેવા નિર્દોષ પવિત્ર આત્માઓ સોંપવાના છે, ને મહેતાજીઓના જ્ઞાન તરફ જુઓ, તે બાપડાઓના પગાર સામે જુઓ. તેઓની ઉમ્મર સામે જુઓ. તેઓને કેટલું થોડું જ્ઞાન હોય છે તેની સામે જુઓ અને તેમ છતાં કેટલાં બધાં ઓછાં સાધનો વડે કેળવણી આપવાનું મહાન્ કામ તેઓને કરવું પડે છે એ સામે જુઓ અને આખો દિવસ

બચ્ચાંઓની સાથે કટાળા ભરેલી માથાકુટ કર્યા છતાં તેઓને **કેટલો બધો ઓછો પગાર** મળે છે એ જુઓ. શુ આ સ્થિતિ સંતોષ રાખવા લાયક છે? શું એમા કાઇ સુધારો થઇ શકે તેમ નથી? શુ આપણા માસ્તરોનાં નશીબ એવાં દુકાંજ છે કે તેઓએ બહુજ ઓછા પગારમાજ પડયુ રહેવુ જોઇએ? અને શું આપણાં બચ્ચાઓના નસીબ એવાજ છે કે તેઓ બુઠી લાગણીવાળા, કાચી સમજવાળા અને ઉપર ચોટયુ શીખવનારા માસ્તરોના હાથ નીચેજ પડયા રહે? બંધુઓ! આમ થવાનુ કંઈ પણ કારણ હુ જોતો નથી, જો આપણે ધારીએ, અરે કહો કે, જો આ બાબતમાં આપણે જરાક વધારે અસંતોષ રાખીએ તો ઘણુએ કરી શકીએ તેમ છીએ. **યુરોપ અમેરિકાની કેળવણી જુઓ**, ત્યાના માસ્તરની લાયકાત જુઓ, તેઓના પગાર જુઓ, તેઓની પાસેના જ્ઞાન આપવાના બહોળા સાધનો જુઓ અને તેની સાથે જરાક સરખામણી કરીને પછી મને કહો કે આપણાં બાળકોના કલ્યાણને ખાતર અને આપણા માસ્તરોની સ્થિતિ સુધારવાને ખાતર હાલમા જે ચાલે છે તે સંતોષ રાખવા લાયક કે? કહો કે નહિ. આ બધી બાબતોપર બહુ લાંબુ વિવેચન થઇ શકે તેમ છે, પણ આજે એટલો વખત નથી. હજી તો હું તમોને મુખ્ય મુખ્ય બાબતોના માત્ર પોઇંટજ કહી દઉં છુ, અને જો એટલું સમજાય તો એમાથી પણ ઘણાં માણુસો પોતાનું જીવન સુધારી શકે તેમ છે.

હવે આપણી **દાન આપવાની રૂઢી** જુઓ. કેવા ભંગી, ચંગી, અલમસ્તો અને ખરાબ ચાલ ચલગતના ભિખારીઓ આપણી પાસેથી દાન લઈ જાય છે તે જુઓ. કેટલા બધા શ્રીમંત બ્રાહ્મણો તથા ગામ ગરાસવાળા મહંતો અને મહારાજો આપણી પાસેથી

મ્હોટી મ્હોટી રકમોનાં દાન લઇ જાય છે તે જુઓ, અને તેમ છતાં એ દાનનો સારો ઉપયોગ તેઓની મારફત કેટલો બધો થોડો થાય છે તે જુઓ એક તરફથી બોજારૂપ થઈ પડનારા તથા જેને દાન લેવાનો કોઇ પણ હક નથી તેવા લોકો જળોની પેઠે આપણા ઘણા લોકોનું લોહી ચુસી જાય છે તે જુઓ, અને બીજી તરફ જે લોકો વિદ્યાને લીધે, ધર્મને લીધે, ત્યાગને લીધે, નવીન શોધોને લીધે તથા સેવાને લીધે દાનને પાત્ર છે તેઓને આપણે કાંઇ પણ આપી શકતા નથી એ જુઓ. શુ આમા સુધારાને જગ્યા નથી? શુ આ બધી બાબતો સતોષ રાખવા લાયક છે? શુ આપણે જે દાન કરીએ છીએ તે વિચારીનેજ કરીએ છીએ? કહો કે નહિ, કારણ કે ઘણી વખત આપણે **રિવાજને** ખાતર દાન કરીએ છીએ, ઘણી વખત કુટુંબોની કે ગામની રીત પ્રમાણે દાન કરીએ છીએ, ઘણી વખત સગાંઓને કે પાડોશીઓને રાજી રાખવા ખાતર દાન કરીએ છીએ, ઘણી વખત બાળપણથી આપણા મનમાં જે **સંસ્કારો** પડી ગયા હોય તેને લીધે તે પ્રમાણે દાન કરીએ છીએ, ઘણી વખત **લોકલાજને** ખાતર દાન કરીએ છીએ, ઘણી વખત **ગુરૂઓના તેજમાં અંજાઈ જઈને** અથવા તેઓએ બિછાવેલી જાળમાં ફસાઇ જઇને આપણે દાન કરીએ છીએ, અને ઘણી વખત **વ્હેમને** લીધે તથા માનતાઓને લીધે **સ્વાર્થ** સાધવા સારૂ દાન કરીએ છીએ; એટલે આવાં દાનોમાં તે સાદી સમજ પણ ક્યાંથી હોય? અને તેમ છતાં આપણે સંતોષ રાખીને એવી પોલમપોલમાંજ પડયા રહીએ **એ શું વ્યાજબી છે?** ભલે તમને ગમે કે ન ગમે, પણ અમને તો આવી બાબતમાં થોડોક અસંતોષ ને અસંતોષજ જોઇએ છે.

બંધુઓ ! હવે મ્હારી સાથે જરા **શાક બજારમાં ને દાણા બજારમાં** ચાલો, અને ત્યાં જરા જુઓ તો ખરા કે શાક બજારમા કેટલા થોડી જાતનાં શાકો છે? અને તેમાં પણ કેટલાંક શાકો કેવાં ઘરડા છે? કેટલાક શાક કેવાં વાસી છે? કેટલાંક શાક જોઇએ તે કરતાં કેટલા કાચા છે? અને કેટલાક શાક કેટલી બધી માટીવાળા તથા સેળભેળવાળાં છે, એ જરા જુઓ તો ખરા? મોસમ વખતના પાંચ દશ જાતનાં શાકોમાજ આપણને રહી જવું પડે, અને આપણા ગામડાઓમા તો એક જાતનું શાક મળવુ પણ મુસ્કેલ પડે, એ શુ આપણુ પછાતપણું નથી? હિંદુસ્થાન જેવા ખેતીવાડીના મુલકમા ખુદ ખેડુતોનેજ શાકભાજી ન મળે એ શુ દયા ખાવા જોગ સ્થિતિ નથી? હવે દાણા બજારમાં ચાલો. ત્યા **દાણાનું કદ** કેટલું બધુ નાનુ છે તે જુઓ તેમાં કેટલી બધી સેળભેળ થયેલી છે તે જુઓ અને એ લેતી વખત ભાવમાં કેટલી બધી **રીકઝીક** કરવી પડ છે તથા ઘણી વખત ઘણે ઠેકાણે **તોલમાં ને માપમાં પણ કેટલા બધા ગોટાળા** હોય છે એ જુઓ એ માટે અમારા પાડોશી **સોમચંદ** કાકા કહે છે કે.—

**નવટાંક છેડે છાબડે, નવટાંક ઘડે ધાબડે;**
**નવટાંક દાંડી ફેર છે, નવટાંક ઓછો શેર છે.**

બધુઓ! દરેક ઠેકાણે ને દરેક બાબતમા થોડુ ઘણું આવુ આવું પોલે પોલુ ચાલતું હોય અને તેમ છતા લોકોને કહીએ કે, તમે તમારી સ્થિતિમાં સંતોષ રાખો, **એ** શુ વ્યાજબી **છે?** નહિ. નહિ. મને તો આમાં ક્યાંઈ સંતોષ રાખવા જેવું જરા પણ દેખાતું નથી. માટે હું તો મ્હારી ઉન્નતિ સારૂ હદમા રહેલા અસંતોષને ચાહનારો છું; કારણકે એજ રસ્તે હું આગળ વધ્યો છું, અને હજી

પણ એજ રસ્તે આગળ વધ્યું છું. માટે મેં તો મ્હારે માટે એજ માર્ગ પસંદ કરેલો છે, અને તેજ મ્હારા અનુભવનો માર્ગ હું તમોને કહું છું.

હવે **આપણા ઢોરોની સ્થિતિ** જુઓ. તેઓની જાતિનું કાંઇ ઠેકાણું રહ્યું નથી તે જુઓ. તેઓનાં કદ કેટલાં બધાં નાનાં થઇ ગયા છે તે જુઓ. આપણી ગાયો, ભેંસો, ઘોડાં ને ગધેડાં ઉપર કેટલી બધી બગા હોય છે, કેટલા બધા ગિંગોડા હોય છે, કેટલી બધી ઇતડીઓ હોય છે, કેટલી બધી માખીઓ ને મચ્છરો હોય છે, તેઓને બાંધવાની જગ્યા કેટલી વાસ મારતી હોય છે, અને તેઓના ખોરાક તથા પાણી માટે કેટલી બધી બેદરકારી રખાય છે, એ તમે જોયું છે? **આસ્ટ્રેલીયાના** ઘોડા જુઓ, ડર્બિની સરતો જીતનારા વિલાયતના ઘોડાઓ જુઓ, **અરબ્બી ઘોડાઓ** જુઓ, અમેરિકાના ઘોડાઓ જુઓ અને તેની કિંમત જુઓ, એ પછી આપણા દેશના ઘોડાઓ જુઓ અને તેની કિમત જુઓ, એ બધી સરખામણી કરતા શુ તમોને એમ નથી લાગતું કે આપણી સ્થિતિ સંતોષ રાખવા-લાયક નથી! અને તેમ છતા જો ખોટો સંતોષ રાખશું તો એનું પરિણામ ઘણુંજ ખરાબ આવશે એમ શું તમોને નથી લાગતું? અરે! બંધુઓ! જો જરાકજ વિચાર કરો તો તુરતજ તમોને એમ લાગે કે **આપણી સ્થિતિ સંતોષ રાખવા લાયક નથી,** પણ આપણે તો આપણી સ્થિતિમાં અસંતોષ રાખીને આવી આવી દરેક બાબતોમા આપણે **આપણી શક્તિ પ્રમાણે જરા જરા આગળ વધવુંજ જોઇએ;** અને આપણાથી બની શકે તે બાબતમાં સુધારા વધારા કરવા જોઇએ.

આપણા ફળીયામાં ઉકરડાઓના ઢગલાઓની કેવી શોભા! હોય છે તે જુઓ. છોકરાંઓ ફળીયામાં જ્યાં ત્યા કેવાં હગવા બેસી જાય છે તે જુઓ બાયડીઓ પોતાના ઘર પાસે એઠવાડ ફેંકે છે તે જુઓ. ઘર પાસે કેટલાં બધાં કુતરાંઓ બાહુ બાહુકર્યા કરે છે તે જુઓ, પાડોશમાં કેવા ખંડેરો પડેલા હોય છે તે જુઓ અને આપણા કુવાઓમાં, અરે જે પીવાનુ પાણી હોય તેમાંજ કેટલો બધો કચરો હોય છે, ઉપરથી કેટલા બધાં ઝાડના પાંદડાં પડે છે, અને એવું પાણી પીવાથી કેટલા બધા લોકોને કેટલા બધા વાળા નીકળે છે, તથા પેટમાં કેટલા બધાં માણસોને બરોલની ગાંઠો વધી જાય છે એ તમે જાણો છો? અને છેમ છતા માત્ર ચોખ્ખું પાણી પીવાની વાતમા પણ આપણે સમજી શકીએ નહિ એ શુ દિલગીરી-ની વાત નથી? પીવાના પાણીમાજ લૂગડા ધોવાય, વાસણો મંજાય, હાથ પગ ધોવાય અને પાણી ગાળવાનાં કાંઈ પણ સારાં સાધનો આપણી પાસે મળે નહિ એ શું દિલગીરીની વાત નહિ કે? શું આ બધી બાબત સંતોષ રાખવા લાયક છે?

બધુઓ! હવે આપણા દેશી લે ભાગુ વૈદરાજો જુઓ. કોઇ પણ પુસ્તકનો સારી રીતે નિયમપૂર્વક અભ્યાસ કરેલો હોય નહિ. કોઇપણ દવાની કે કોઇપણ રોગની સંપૂર્ણ ખાત્રી કરેલી હોય નહિ અને તેમ છતાં અમે બધુંએ જાણીએ છીએ એવો ફાંકો રાખે, એવી પોલ ચલાવે અને જે બાબતમાં ખાત્રીપૂર્વક પોતાનું ધ્યાન પડતું ન હોય તેવી બાબતમાં પણ વાને કે પિત્તને ઘુસાડી દે અને વાયુને નામે ઉકાળા પાયા કરે કે એરી વસાણાની ગોળીઓ, ખવરાવ્યા કરે પણ આ રોગ અમે નથી જાણુતા અથવા એ બાબતની ખરી દવા

અમારી પાસે નથી, એમ હિંમતથી અને ચોખ્ખાઇથી કહી શકે નહિં એ શું દિલગીરીની વાત નથી? જાહેર હિંમતની ખામીને લીધે, આબરૂ જવાના ભયને લીધે તથા પોતાના થોડાક પૈસાના સ્વાર્થને ખાતર બીજાઓની અમૂલ્ય જીંદગી ઉપર અખતરા કરવા એ શું એક જાતનો અપરાધ નથી? અને તેમ છતાં સોમાં પોણોસો ઠેકાણે શુ તમે આવું નથી જોતા? શું એ સ્થિતિ સંતોષ માનવા લાયક છે? ભાઇઓ! હુ **કાંઇ દેશીવૈદકનો દુશ્મન નથી**, પણ **હું દેશી વૈદકને વખાણનારો** છુ, અને ઘણાએ વૈદરાજોએની કેટલીક કેટલીક બાબતોમાં ખુબી સમજનારો છુ, છતા પણ સામાન્ય ચિત્ર મ્હારા મનમા જે રમી રહ્યુ છે અને વધુ ભાગે મને જે જાતિઅનુભવ થયો છે તે ખુલ્લા દિલે મ્હારે તમને ભલી ઇચ્છાથી જણાવવો જોઇએ, કારણ કે મનમા સમજતા કાંઇક હોય, અને મ્હોડે બોલીએ કાઇક, એમ કરવાનો હવે વખત નથી; હવે તો ચોખ્ખાઇનો જમાનો આવતો જાય છે, અને તેમ છતા જો આપણે પોલ પોલમાં પડયા રહીએ, તો એ ઘણુજ ખોટુ કહેવાય, માટે કેટલાકોને ન રૂચે એવી અણગમતી વાતો પણ મ્હારે કહેવી પડે છે, અને તે માટે કોઇને માઠુ લાગે તો ખુલ્લા દિલે હું માફ માગું છું.

હવે **આપણા કારીગરો** જુઓ. એક **સુતારને** બોલાવવો હોય, તો પૂરૂ રોજ આપતાં છતાં તેને ઘેર કેટલા ધક્કા ખાવા પડે છે તે જુઓ. જોડા શિવડાવવા આપ્યા હોય તો **મોચી** કેટલા વાયદા કરે છે તે જુઓ. **દરજીને** કપડાં શીવવા આપ્યાં હોય તે, તે પણ કેવા રખડાવે છે તે જુઓ. ગામડાઓમાં **હજામને** બોલાવવા જાઓ, ત્યારે તેમાં પણ કેટલી વાર લાગે છે અને કેટલા કલાક

તે મોડો આવે છે એ તમે જોયુ છે ? **હજામ** આખો દહાડો નવરો હોય, પણ જે વખતે તમે હજામત કરાવવા બેસો તેજ વખતે તેને અસ્રો ઘસવાની ફુરસદ મળે એ તમે જોયું છે ? **સુતાર** રોજ આવે અને કરવતનું કામ પડે ત્યારેજ તે કરવત ઘસવા બેસે એ તમે જોયું ? **સોનીને** ત્યા કાંઇ દાગીનો ઘડાવવો હોય ત્યારે તે સોનુ ચોરી જાય નહિ અથવા તેમાં કાંઇ ભેળસેળ કરી દેય નહિ નહિ, માટે કેટલી બધી ફિકર રાખવી પડે છે અને તેમ છતાં મનમાંથી એમ લાગ્યા કરે છે કે કાંઇક ગોટો વળ્યો ખરો, એ સ્થિત તમે ભોગવી છે ? **કુંભારવાડે** વાસણો લેવા જાઓ ત્યારે તમને જે જાતનાં વાસણો જોઇતાં હોય તે જાતના ને તેવડાં વાસણો મળે નહિ પણ એને બદલે બીજી જાતનાં કે ન્હાનાં મ્હોટાં વાસણોથી ચલાવી લેવું પડે, એ અનુભવ તમને વિત્યો છે ? **ધોબીને** લુગડા ધોવા આપ્યાં હોય ત્યારે તે આપણાં લુગડાં પહેરી બેસે ને ઠરકી થઇને ફરે એ તમે જોયું છે ? અને ઘણાં વખતે લુગડા ખોવાઇ જાય, વારેવારે ફાટી જાય અને મુદત કરતાં બહુજ મોડાં આવે, એ દુખ શું તમે નથી ભોગવ્યુ ? **કંસારા** રેણ દે તેમાં પણ જરા જરા લેપડા ચોંટાડી દે. કલાઈવાળો કલઇ કરે, તેમાં પણ બેદરકારી, કોઇ ઠેકાણે જાડી કલઈ, કોઇ ઠેકાણે પાતળી કલઇ અને કોઇ ઠેકાણે વાસણમાં વચ્ચે વચ્ચે ડાઘ પણ રહી જાય, એ તમે જોયું છે ? આપણા **હજામોના અસ્રા**, આપણા **લુહારની ધમણો**, આપણા **સુતારનાં કરવતો**, આપણા **કુંભારના ટપલાઓ**, આપણા **મોચીનો** વિંગડા અને આપણા **ખલાસીઓના હલેસાંમાં** તથા હોડીઓમાં સુધારો કરવાની શું જગ્યા નથી ? બેશક, આ બાબતમાં

હજી આપણે ઘણું એ કરી શકીએ તેમ છીએ. એમાં સંતોષ રાખવા જેવું જરા પણ નથી, કારણકે જે પ્રજાનાં ઉદ્યોગ હુન્નર કરવાનાં સાધનોજ નબળાં હોય, ઓજારોજ ખરાબ હોય અને લાગણીએ જ મંદ હોય તથા જેવુ હોય તેવુ સંતોષ રાખીને ચલાવી લેવાની જેને ટેવ હોય તે માણસો કેમ આગળ વધી શકે ? નજ વધી શકે માટે જો આગળ વધવું હોય, આપણી સ્થિતિ સુધારવી હોય અને ભવિષ્યની પ્રજાનું ભલુ કરવું હોય તો પ્રથમ કામ કરવના આપણાં કારીગરેનાં સાધનો તથા ઓજારો આપણે સુધારવાં જોઇયે. અને **એ સુધારવા માટે આપણે થોડાક અસંતોષ રાખવો જોઈએ.**

હવે આપણી **સ્ત્રીઓની સ્થિતિ** જુઓ. તેઓની તદુરસ્તી કેટલી બધી નબળી હોય છે અને અદાજ પચીશ વર્ષે તેઓનું કદ અરધો ફુટ કેવી રીતે કેદ થઈ જાય છે એ જુઓ. તેઓ કેવા વિચારોમાં રમે છે એ જુઓ. તેઓ પોતાની પાડોશણો સાથે તથા પોતાની **વેવણો** સાથે કઈ જાતની વાતો કરે છે તે સાંભળો. તેઓ પોતાની **વહુઓ** સાથે, **નણદો** સાથે, **સાસુઓ** સાથે તથા **માતાઓ** સાથે કેવી રીતે વર્તે છે તે જુઓ તેઓની **સુવાવડાની રીતો કેવી કઢંગી** હોય છે ? અને તેમાં કેટલાં બધા મરણો થાય છે તે જુઓ. પ્રદર વિગેરે રોગોમા તેઓ બિચારીઓ ખોટી શરમમાં કેટલી બધી રિબાયા કરે છે એ જુઓ ? **રડવા કુટવામાં** અને વગર મફતનો નજીવી નજીવી બાબતનો હાય અફસોસ કરવામાં તેઓ કેવી રીતે પોતાની **જીદગી ગુમાવી નાંખે** છે તે **જુઓ. અને** આવી આવી અનેક બાબતોની સામટી અસરથી તેઓના જીવન ઉપર કેવી ખરાબ **અસર** થાય છે અને તેથી તેઓમાં

**જુવાનીમાંજ** કેટલાં **બધાં મરણો** થાય છે તથા કેટલા બધા રોગોમા તેઓ ફસાયેલી હોય છે અને એ રોગોનો કેટલો બધો વારસો મળે છે એ બધી હકીકત તેના અસલ સ્વરૂપમા તમે જાણો છો ? કહો કે નહિ બધુઓ, જો એ ખરી સ્થિતિ તમે જાણતા હો તો આપણી બ્હેનોની એવી દયાજનક સ્થિતિ જોઇને તમને ત્રાસ લાગ્યા વિના રહે નહિ હવે મને કહો કે **શું આ સ્થિતિ સતોષ રાખવા લાયક છે?** સંતોષ ! સતોષ ! એ શબ્દને હમણા દૂર મૂકો એ શબ્દને હમણા આપણા પડિતોની પોથીઓમા રહેવા દ્યો હમણા તો આ બધી બાબતોમા સુધારો કરવા સારૂ અને નવું જીવન મેળવવા સારૂ આપણે થોડોક હદમા રહેલો અસંતોષ, અસંતોષ, ને **અસતોષજ જોઈએ છીએ.** કેમ ? આ વાત તમને કબૂલ છે કે નહિ ? ( **કબૂલ કબૂલના અવાજો.** )

હવે આપણાં **ચિત્રકામ** જુઓ, **કોતરકામ** જુઓ **નકશી** જુઓ અને **રંગનું કામ** જુઓ તેમા કોઇ ઠેકાણે તમને ખરેખર ફાઇન આર્ટ દેખાય છે ? કહો કે નહિ જયા જુઓ ત્યા જાડા જાડા રગના લેપડા—જે ઘાટ જુઓ તેમા કાઇકને કાઇક થોડુ ઘણુ તો બેડોળપણુ હોયજ. જે નકશી જુઓ તેમા થોડી ઘણી તો તેના બનાવનાર કારીગરની **બેદરકારી** દેખાયજ, અને ટુંકામાં એજ કે—જે જે વસ્તુઓ કે કામો જુઓ તેમા ખરેખર સૌંદર્ય, પૂરેપૂરી નાજુકાઇ કે ખરેખર અલૌકિકપણુ હોય જ નહિ, પણ તેને બદલે જ્યાં જુઓ ત્યાં કામચલાઉ ખાતું દેખાય જયાં જુઓ ત્યાં **"હોતી હે, ચલતી હે,"** એવું ખાતું દેખાય. જ્યાં જુઓ ત્યાં લાંબી લાંબી ડંફાસ ચાલતી હોય પણ પરિણામમાં પોલેપોલુ હોય, અને

જ્યાં જુઓ ત્યાં સ્થૂલતાજ દેખાય. પણ ખરેખરૂં ચેતન તો દેખાયજ નહિ એ શુ આપણા કમભાગ્યની વાત નથી? અને તેમ છતાં સંતોષ રાખવાની વાતો કરીએ એ કેવી તાજુબી કહેવાય? એ જરા વિચારવા જેવી બાબત છે.

હવે આપણા **બાળકોના હાલ** જુઓ **પેટ** મ્હોટાં ગાગરડી જેવાં, **હાથ પગ** સાંકીકડા જેવા, **મોઢું** રોતી સુરત જેવું **અને** રીતભાતમા કે વિવેકમા કોઇ સમજે નહિ; પણ માત્ર **આખો દહાડો** **ખાઉં ખાઉ** કર્યા કરે નજીવી નજીવી વાતમાં રડયા કરે, માબાપોનુ કહ્યું માને નહિ અને **માંદા માંદા** રહ્યા કરે, એ શુ સંતોષ રાખવા લાયક બાબત છે? આ બાબતમા ઘણુંએ કહી શકાય પણ આજ વખત નથી એટલે લાચાર.

હવે તમે કોઈપણ કામકાજ માટે કોઇપણ જાહેર કે ખાનગી ખાતાઓમાં જાઓ અને જ્યા સુધી તમે **પાનસોપારી**!! આપો નહિ ત્યા સુધી તુરતમા અથવા સંતોષકારક રીતે તમારૂં કામ થાય નહિ, એ શું દિલગીરીના વાત નથી? એ શું સંતોષ રાખવા લાયક બાબત છે? આ બાબત કેટલી બધી વધી ગઇ છે તે બધા લોકો જાણતા નથી, પણ જેને જુદા જુદા ખતાંઓ મારફત ઘણાં કામ-કાજ લેવાં પડે છે તેઓને આ બાબતની પૂરી ખબર હોય છે. આવી રીતે આપણુ પ્રમાણીકપણું ઉડી જાય અને પાનસોપારીની લાલચ મુખ્ય થઇ પડે, એ શુ આપણને શરમાવનારૂ નથી? અને તેમ છતાં બહુ મ્હોટે ભાગે તદન સામાન્યપણે આ બાબતો ચાલ્યા કરે છે. શું આ સંતોષ રાખવા લાયક બાબત છે?

બંધુઓ! તમે સાંભળીને અજબ થશો કે, મને ચારસે રૂપિયા મહિનો મળે છે, છતા પણ હુ મ્હારા બાલકોને દુધ પાઇ શકતો

નથી, તેથી મ્હારે તેમને સવારના પહોરમાં ચાહનું પાણી પાવું પડે છે. કારણકે અમારા ઘરમા અમે ચૌદ માણસો છીએ માટે દરરોજ બન્ને વખત મળીને દરેક જણ દીઠ શેર શેર (પાકુ) દુધ લઇએ, તોપણ ચૌદ શેર દુધ દરરોજ જોઇએ, અને તમે જાણો છો કે ચાર આના વિના ચોખ્ખું શેર દુધ મળી શકતું નથી, એટલે ચૌદ શેર દુધના દરરોજના સાડાત્રણ રૂપિયા આપવા પડે, અને તેમ છતા અમને પૂરેપૂરૂં દુધ મળ્યુ ગણાય નહિ, પણ દરરોજ સાડાત્રણ રૂપિયાના દુધનો ખર્ચ મને પાલવી શકે તેમ નથી કારણકે આજના વખતમા બીજા પણ કેટલા બધા ખર્ચો કરવા પડે છે, તે કાંઈ તમારા ધ્યાન બહાર નથી, તેથી ચારસો રૂપિયાનો માસીક પગાર છતા હું મ્હારા બાળકોને પૂરેપૂરૂ દુધ આપી શકતો નથી. હવે વિચાર કરો કે હું મ્હારા બાળકોને જરૂર જેટલુ દુધ પણ આપી શકું નહિ એ સ્થિતિ શું સંતોષ લાયક છે? અને બીજુ આમાથી એ પણ સમજવાનું છે કે જ્યારે મ્હારા જેવા માસિક ચારસો રૂપિયાની આવકવાળા માણસને પણ પૈસાની તંગી ભોગવવી પડે છે અને કરકસરથી ચલાવવું પડે છે ત્યારે કરોડો માણસ કે જેની અવક અતીશય ન્હાનામાં ન્હાની છે તેએના શું હાલ થતા હશે, એ જરા ખ્યાલ તો કરો? **શું આ સ્થિતિ સતોષ રાખવા લાયક છે?** ભલે જેને આવી સ્થિતિમા સંતોષ ગમતો હોય તે ખુશીથી રાખે, પણ મને તો આમાં સંતોષ જેવું કાંઈ દેખાતુ નથી; માટે હું તો હજી જરાક વધારે વધારે મહેનત કરવાનુ અને આગળ આગળ વધવાનું તમોને કહુંછું, **અને એ સારૂ હદમાં રહેલો અસંતોષ રાખવાની હું તમને ભલામણ કરૂંછું.**

બંધુઓ! યાદ રાખશો કે, આપણા મિત્રોથી તથા સારા પુસ્તકોના વાંચનથી આપણને જે અસર થાય તે કરતાં પણ જે વસ્તુઓના સબંધમા આપણે રાત દીવસ રહેતા હોઇએ અને જે વસ્તુઓના **સહવાસમાં** આપણે જીંદગી ગાળતા હોઇએ તે વસ્તુઓની આપણી ઉપર ઘણીજ વધારે અસર થાય છે, એમાં કાંઇ પણ શક નથી. માટે જેમ બને તેમ આપણે સારામાં સારી વસ્તુઓના સહવાસમા રહેવું જોઇએ. અને જેમ આપણે ખરાબ માણસોની સોબતથી ડરતા રહીએ છીએ તેમજ ખરાબ વસ્તુઓના સહવાસથી પણ આપણે ડરતા રહેવું જોઇએ, કારણ કે માણસોનો સહવાસ થોડા વખતનો હોય છે, પણ જીંદગીને જરૂરની વસ્તુઓનો સહવાસ તો હમેશનો હોય છે જેમકે માણસો સાથે તો આપણે થોડીકવાર મળીએ અને પૂસ્તકો પણ થોડીકવાર વાચીએ, પણ આપણે જે ઘરમાં રહેતા હોઇએ તેમા તો વરસોના વરસ કાટવાં પડે છે. એટલે તે ઘરમા જો મરજી મુજબની સગવડો ન હોય તો તેની અસર મગજ ઉપર કાયમને કાયમ રહે છે. ઘરની પાસે ખરાબ વાસ આવતી હોય, ઘરમાં ધુમાડો ભરાતો હોય ઘરમાં કજીઓ થતા હોય અને મનને ધકકો વાગે તેવો બનાવ ઘરમા બન્યા હોય તો તેની અસર વારંવાર અને દરરોજ ભોગવવી પડે છે. એવીજ રીતે કપડા લત્તામા, દાગીનામા, બિછાનામાં, અને પોતાને વાપરવાના વસ્તુઓમાં જે જાતની નબળાઇ હોય તેની અસર અણધારી પણ આપણા ઉપર થયા કરે છે, માટે આપણે સારામાં સારી ચીજોના સંબંધમાં રહેતાં શીખવુ જોઇએ, પણ જ્યારે આપણી સ્થિતિ સુધરે ત્યારેજ સારામાં સારી વસ્તુઓના સબંધમાં રહી શકાય. અને સ્થિતિ કયારે સુધરે? જ્યારે આપણને એમ લાગે

કે આપણી હાલની સ્થિતિ બરોબર નથી એમ એમ લાગીને એ સ્થિતિ માટે જ્યારે આપણને અસંતોષ થાય, ત્યારેજ આપણે નવી સ્થિતિમાં જવાના ઉપાયો કરી શકીએ, અને એ પછીજ વખત ગયે આપણી સ્થિતિ સુધરી શકે, માટે આપણી સ્થિતિ સુધારવા સારૂ હું તમને વ્યાજબી રીતનો જરાક અસંતોષ રાખવા કહું છું.

**બંધુઓ!** આપણી સ્થિતિ સુધારવા માટે હું અસંતોષ રાખવાનું કહુછું, માટે હવે મ્હારે એ પણ ખુલાસો કરવો જોઇએ કે, હું કઇ જાતનો **અસંતોષ** રાખવાનુ કહુછુ, એ માટે મ્હારો ખુલાસો એ છે કે, હદપારની આશાઓ રાખવાની હુ કહેતો નથી, પોતાથી ન બની શકે તેવી ઇચ્છાઓ રાખવાનું હુ કહેતો નથી, કુદરતના નિયમોની વિરૂદ્ધ હોય તેવી ઇચ્છાઓ રાખવાનું હું કહેતો નથી, મહાજનોના વિચારોની વિરૂદ્ધ હોય, રાજ્યના કાયદાઓની વિરૂદ્ધ હોય, નીતિની વિરૂદ્ધ હોય, ધર્મની વિરૂદ્ધ હોય અને સમાજના હીતની વિરૂદ્ધ હોય તેવી ઇચ્છાઓ કે તેવો અસંતોષ રાખવાનું હું કહેતો નથી, પણ હું જે અસંતોષ રાખવાની વાતો કરૂ છું તે એજ કે જે મોનીટર હોય તેણે મોનીટરપણામાંજ સંતોષ માનવો જોઇએ નહી, પણ તેણે આસીસ્ટંટ થવાની ઇચ્છા રાખવી જોઇયે. આસિસ્ટંટોએ મહેતાજી થવાની ઇચ્છા રાખવી જોઇએ મહેતાજીએ તાલુકાસ્કુલમાસ્તર થવાની ઇચ્છા રાખવી જોઇએ તાલુકાસ્કુલમાસ્તરે સુપ્રિન્ટેન્ડન્ટ થવાની ઇચ્છા રાખવી જોઇએ. આવી રીતે **પગથીએ પગથીએ આગળ વધવાનીજ ઇચ્છા રાખવી** ને તે માટે જેટલો ઘટે તેટલો અસંતોષ રાખવો, તેમાં કાંઇ ખોટું નથી, પણ જો એવો અસંતોષ રાખીએ તોજ જગતમાં આગળ વધી શકાય, માટે હુ જે અસંતોષ રાખવા-

નું તમને કહું છું, તે એજ કે, તમારી સ્થિતિ કરતાં એક પગથીઉં ઉંચે ચડવાની બાબતમાં તમારે અસંતોષ રાખવો જોઇએ, પણ જે મોનીટર હોય તે સુપ્રિન્ટેન્ડન્ટ થવાની આશા રાખે અને તે માટે અસંતોષ રાખે એવા અસંતોષને હું ગેરવાજબી સમજું છું. જો કે આગળ જતાં અને ક્રમે ક્રમે વધતાં મોનીટર હોય તે પણ સુપ્રિન્ટેન્ડન્ટ તો શું પણ સુપ્રિન્ટેન્ડન્ટનો પણ સુપ્રિન્ટેન્ડન્ટ થઇ શકે, એ બનવાજોગ છે, પણ એકદમ કાંઇ એવી મ્હોટી ઇચ્છા રખાય નહિ; પણ આપણી સ્થિતિના પ્રમાણમાં, આપણી શક્તિના પ્રમાણમાં, દેશકાળના પ્રમાણમાં અને આપણી આસપાસના સંજોગોના પ્રમાણમાં જેટલો ઘટી શકે ને સહેલાઈથી ઉપલું પગથીઉ મેળવી શકાય તેટલો અસંતોષ રાખવો જોઇએ. આવીજ રીતે જે સિપાઇ હોય તે હવાલદાર થવા માટે અસંતોષ રાખે, જે હવાલદાર હોય તે દફેદાર થવા માટે અસંતોષ રાખે, જે દફેદાર હોય તે નાયક થવા માટે અસંતોષ રાખે, જે નાયક હોય તે જમાદાર થવા માટે અસં-અસંતોષ રાખે, જે જમાદાર હોય તે ફોજદાર થવાની ઇચ્છા રાખે અને જે ફોજદાર હોય તે સુપ્રિન્ટેન્ડન્ટ થવા માટે અસંતોષ રાખે તેમાં કાંઇ ખોટું નથી; પણ **જગતમાં આગળ વધવા માટે એવા હદમાં રહેલા તથા ઉન્નતિ કરાવનારા અસંતોષની જરૂર છે.** તેમજ ઉમેદવાર હોય તે કારકુન થવા માટે અસંતોષ રાખે, જે કારકુન હોય તે દફતરી થવા માટે અસંતોષ રાખે, જે દફતરી હોય તે વહિવટદાર થવા માટે અસંતોષ રાખે, જે વહિવટદાર હોય તે અધિકારી થવા માટે અસંતોષ રાખે, જે અધિકારી હોય તે નાયબ દિવાન બનવા માટે અસંતોષ રાખે, જે નાયબદિવાન હોય તે મુખ્ય દિવાન

બનવાનો અસંતોષ રાખે, જે દિવાન હોય તે વજીર બનવાનો અસંતોષ રાખે, અને વજીર હોય તે કોઇ સ્ટેટનો પ્રેસીડન્ટ થવાની ઇચ્છા રાખે તે બનવા જોગ છે, અને મનુષ્યના અંતકરણમાં આગળ વધવાની જે કુદરતી ઇચ્છા રહેલી છે તેનોજ એ પ્રભાવ છે માટે આગળ વધવાનો એ નિયમ કોઈથી પણ બદલી શકાય તેમ નથી. તે સારૂ એ નિયમને આધારે જેટલો સ્વાભાવિક હોય તેટલોજ અસંતોષ રાખવાનું હું તમોને કહુ છુ.

**પાટતજીએ** જ્યારે **સંતોષ** રાખવાની વાતો કહી ત્યારે હું તમને **અસંતોષ** રાખવાની વાતો કહુ છુ એથી કેટલાક લોકોને કદાચ એમ લાગશે કે આતે હું શું કહું છું? અસંતોષ રાખવાનો ઉપદેશ તે કયાંઇ અપાય! એમ કહેવાવાળા પણ નીકળશે. તેઓને મ્હારે જણાવવું જોઇએ કે; જો જગતમા અસંતોષ ન હોત, તો આપણે જરા પણ આગળ વધી શકત નહિ, પણ એની એ સ્થિતિમા પડયા રહેત. જેમકે, આંક શીખવાવાળા તમાજ સંતોષ માની બેસે, તો પછી પહેલી ચોપડી શીખવા માટે તેઓ શા માટે મહેનત કરે? પહેલી ચોપડીવાળા બીજી ચોપડીમાજ સંતોષ માની બેસે, તો પછી બીજી ચોપડી તેઓ કેમ ભણી શકે? બીજી ચોપડીવાળા બીજી ચોપડીમાજ સંતોષ માની બેસે તો પછી આગળ જતા મેટ્રીક, પ્રીવિયસ, ઇન્ટર, બી એ. અને એમ. એ માં કેમ પહોંચી શકાય? યાદ રાખજો કે ખોટા સંતોષથી આગળ વધી શકાતુ નથી, પણ આવી જાતના ક્રમે ક્રમે આગળ વધવાના હદમાં રહેલા અસંતોષથીજ આગળ વધી શકાય છે. માટે તેવો કાયદાપૂર્વકનો અસંતોષ રાખવાનું હું તમને કહું છું. અને મ્હારા શબ્દનો જરા પણ ખોટો અર્થ ન થાય એમ ઇચ્છું.

જ્યારે પહેલ વહેલું **વરાળયંત્ર** બન્યું ત્યારે તે કેટલું બધું ખામીવાળુ અને અપૂર્ણતાવાળું તથા કઢંગું અને ઓછું કામ આપનારૂં હતુ એ તમે જાણો છો? પણ એ પછી જેમ જેમ અસંતોષ રાખીને ક્રમે ક્રમે તેમાં સુધારા થતા ગયા, ત્યારેજ તે હાલની ઉપયોગી અને **સુંદર સ્થિતિએ** પહોંચ્યું છે. તેમજ જ્યારે પ્રથમ **દિવાસળી** બની ત્યારે તે કેવી હતી? અને આજે તે કેવી છે? પ્રથમ જ્યારે **છાપખાનાં** થયાં ત્યારે તે કેવા હતા અને આજે કેવા છે? પ્રથમ જ્યારે **મીલોનો** હુન્નર શરૂ થયો ત્યારે તેની સ્થિતિ કેવી હતી, અને હાલમાં કેવી છે? પ્રથમ જ્યારે **કાગળો** બન્યા ત્યારે તે કેવા હતા અને હાલમા કેવા છે, પ્રથમ જ્યારે **મોટર** થઇ ત્યારે કેવી હતી અને હાલમા કેવી છે? પ્રથમ જ્યારે **વૈદકશાસ્ત્ર** થયું ત્યારે તે કેટલું ટુંકુ હતું, અને હવે તે કેટલું મોટું છે? એ જુઓ પ્રથમ જ્યારે **કેળવણી** શરૂ થઈ ત્યારે તે કેવી સ્થિતિમા હતી અને કેટલી હતી? એ જુઓ, અને હાલમાં તે કેવી સ્થિતિમા છે, અને કેટલી બધી છે? એ જુઓ પ્રથમ જ્યારે **વહાણો** બન્યા, ત્યારે તે કેવા હતા અને આજની **આગબોટો** કેવી છે? તે જુઓ. પ્રથમ લડાઇમાં **હથિયારો** કેવાં હતાં અને હાલમા કેવા છે તે જુઓ અને પ્રથમ જ્યારે **બલુન** બન્યાં ત્યારે તે કેવાં હતા અને હાલમા તે કેવાં છે? તે જુઓ, અને પછી તે કેવાં થશે તેનો જરા ખ્યાલ કરો બધુઓ! આ બધો ફેરફાર શું સંતોષ રાખવામાંથી થયો છે? નહિ કહો કે દરરોજના પ્રસંગોપાતના થોડા થોડા અસંતોષમાંથીજ એ બધા સુધારા વધારા થયેલા છે, માટે જે અસંતોષમાંથી આ બધા સુધારા વધારા થયા, જે અસંતોષમાંથી

નવા નવા શોધો થયા છે, જે અસંતોષમાંથી નવાં નવાં રાજ્યો રથપાયાં છે, જે **અસંતોષથી અંગ્રેજો આગળ વધ્યા છે, જે અસંતોષથી જેપાને નામના મેળવી છે,** જે અસંતોષથી અશોક, વિક્રમ, શિવાજી, ન્યુટન, એડિસન, વિગેરે મહાત્માઓએ જગતની સેવા કરી છે તથા પોતાનાં નામ અમર કર્યાં છે, અને પોતાની સ્થિતિ સુધારી ઇશ્વરના વહાલા થયા છે તે જાતનો અસંતોષ રાખવાનું હું તમને કહુ છુ. અને તે એટલાજ ખાતર કે આ દુનિયામાં આપણે આગળ વધી શકીએ. આપણે જીંદગીની સાર્થકતા કરી શકીએ, અને અંતે મોક્ષ મેળવી શકીએ, તે સારૂ જેટલો સ્વાભાવિક હોય, કુદરતી હોય, હદમાં રહેલો હોય અને વિવેકબુદ્ધિ કબૂલ કરી શકે, તથા મહાજનો વખાણી શકે તેવી જાતનો હોય તે **અસંતોષ રાખવાનું હું કહું છું.** અને એવો કુદરતી વાજબી અસતોષ રાખવાનું તમોને બળ આવે એમ હુ ઇચ્છું છું. આજે મેં તમારો બહુ વખત લીધો છે એ માટે માફ માગું છું, એમ કહી પ્રોફેસર સાહેબે પોતાનું ભાષણ સમાપ્ત કર્યું.

**'સાંજવર્તમાન'**માંથી આ ભાષણ વંચાઇ રહ્યું, એટલા વખતમાં અમારી હોડી પણ ધારેલા મુકામે પહોંચી ગઇ હતી, તેથી અમે ત્યાં ઉતરી પડયા. અને બીજી વાતોમાં ચડી ગયા, તેથી આ વાત બંધ રહી.

સમાપ્ત.

# અજબ લાભ !!

૧ તમોને દર વર્ષે ૫૦-૬૦ ચિત્રોવાળો અને ૧૫૦-૨૦૦ પાનાનો ગજાવર અને સુશોભિત **સચિત્ર ખાસ** અંક મફતમાં જોઈએ છે ?

૨ તમોને દર વર્ષે **જૈન પંચાગ** ભેટ જોઈએ છે ?

૩ તમોને વળી દર વર્ષે **૮-૧૦ પુસ્તકો** પણ મફતમાં જોઈએ છે ?

૪ તમોને દર માસે હિંદી અને ગુજરાતી બંને ભાષાના વાચનોથી ભરપુર લગભગ ૪૦ પાનાના **માસિકનો** લાભ લેવાની ઈચ્છા છે ?

જો આ સઘળી ઈચ્છા હોય, તો **વિલંબ શા માટે કરો છો ?** સુરતથી "દિગંબર જૈન" નામે માસિક ૭ વર્ષ થયાં પ્રકટ થાય છે તેજ આખા હિંદના સમગ્ર જૈનોમાં આવો અજબ લાભ વાર્ષિક મૂલ્ય માત્ર રૂા ૧ાા માંજ આપે છે, તેના તરતજ ગ્રાહક થઈ જાઓ એટલે—

**ઘેર બેઠાં**

આ "અજબ લાભ" તમને મળશે

મેનેજર "દિગંબર જૈન" સુરત. SURAT

---

## દિગંબર જૈન પુસ્તકાલય-સુરત.

આ પુસ્તકાલયમાંથી હિંદી અને ગુજરાતી ભાષાનાં દિ૦ જૈન **પુસ્તકો** તથા પવિત્ર કાશ્મીરી **કેશર** (રૂ. ૧ તોલો) મળી શકે છે.

**મેનેજર, દિગંબર જૈન પુસ્તકાલય** ચંદાવાડી-**સુરત.**

# जाणवायोग्य समाचार.

**३. દોઢ લાખની સખાવત:**—બેંગ્લોરના જાણીતા વ્યપારી મી જે. ડબલ્યુ બી કે રિપા રૂા દેઢલાખ જેટલી રકમ સ્થાનિક સખાવતમા આપી મરણ પામ્યા છે

**ટપાલ ખાતાનો વિસ્તાર:**—ટપાલ ખાતાના વિસ્તાર જર્મની સાથી પહેલે નબરે છે કેમકે એ શહેનશાહતમા કુલ ૧૫૩૧૮૭ તો કાગળો નાખવાની પેટીઓ છે

**હીરાજડીત ચોપડી:**—શેકસપીયરની રોમીઓ એ જુલીઅટની સૌથી કિમતી હીરાજડીત પુસ્તકની એક ચોપડી ઈગ્લાંડમા હાલ તૈયાર થઈ છે, જેની કિમત ૧૦૦૦થી ૧૫૦૦ પૌંડ જેટલી છે આ ચોપડીનુ ટાઇટલ ( મુખપૃષ્ઠ ) મોતાથી રચવામાં આવ્યુ છે અને તે મોતી સોનાથી મઢી લેવામા આવ્યા છે કવરને પણ ભપકાબધ શણગારવામા આવ્યુ છે અને સઘળા મળી ૨૧૪ હીરા તથા નીલમ તેમા ગોઠવવામાં આવ્યાં છે

**પક્ષીઓનાં પીછાં**—અયાત કરવા માટે કલકત્તાના જગલ ખાતાના કલેકટરે ચારૂચદ્ર ચકરવત્તી નામના શખસને રૂા ૩૦૦૦) નો દડ કર્યો છે.

**૭ ભાષાના પત્રો:**—દિગંબર જૈનોમા અઠવાડીક, પાક્ષિક અને માસિક એવા ૧૪ પત્રો પ્રકટ થાય છે, જેની ભાષાઓ ગુજરાતી, હિદી, મરાઠી, કાનડી, ઉર્દુ, કર્ણાટકી અને ઈગ્લીશ એમ ૭ જાતની છે.

સુરત–ખપાટીઆ ચકલા રોડ ઉપર અ.તેલા ખુ અ. ના "સુરત જૈન" પ્રીન્ટીગ પ્રેસમા મદુભાઇ ભાઇદાસે છાપ્યુ.